રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 264 | Dt. 4-11-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આંધ્રપ્રદેશના તટે મુરાસુ વાવાઝોડાનો ભયાનક કહેર

૧૨૦ કિમીની ઝડપે ફૂંકાયો પવન, રેલવે અને હવાઈ સેવાઓ ઠપ : બંગાળની ખાડીમાં સર્જાયેલું ભીષણ વાવાઝોડું ઓંગોલ નજીકથી પસાર, આંધ્ર અને તેલંગાણામાં મુશળધાર વરસાદ

નવી દિલ્બંહી, તા.૩

બંગાળની ખાડીમાં સર્જાયેલું ગંભીર ચક્રવાતી તોફાન 'મુરાસુ' આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વાવાઝોડાના લેન્ડફોલની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે અને તોફાની વાદળોનો વિશાળ ભાગ દરિયાકાંઠાના વિસ્તારો પર છવાઈ ગયો છે. આ કુદરતી આફતના પગલે આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં મુશળધાર વરસાદ શરૂ થયો છે, જ્યારે વાહનવ્યવહાર, ટ્રેનો અને ફ્લાઇટ્સના સંચાલનને ભારે ફટકો પડ્યો છે.



હવામાન વિભાગે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું છે કે આ ભીષણ ચક્રવાતી તોફાન ઉત્તર-ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધ્યું હતું. મંગળવારે વહેલી સવારે ૩:૩૦ વાગ્યાથી ૫:૩૦ વાગ્યાની વચ્ચે દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે નેલ્લોર અને નરસપુર વચ્ચે, ઓંગોલ નજીકથી વાવાઝોડું પસાર થયું હતું. લેન્ડફોલ દરમિયાન પવનની ઝડપ ૧૦૦ થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની નોંધાઈ હતી, જે ઝાપટાં સાથે ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી રહી હતી. સાઇક્લોનના આગળના ભાગમાં રહેલા 'વોલ ક્લાઉડ'નો મોટો ભાગ જમીન પર દસ્તક આપી ચૂક્યો છે.

તોફાનની તીવ્રતા એટલી વધારે હતી કે સોમવારે સવારે વિશાખાપટ્ટનમના ઋષિકોંડા દરિયાકાંઠે એક બોટ મુશ્કેલીમાં ફસાઈ ગઈ હતી. આ સિવાય નેલ્લોરમાં પણ એક બોટ ફસાઈ હોવાના અહેવાલ મળ્યા હતા, જોકે રાહતની વાત એ છે કે તેમાં સવાર તમામ લોકોને સત્તાવાળાઓ દ્વારા સુરક્ષિત બચાવી લેવાયા છે. પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી માછીમારોને દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે. તટીય વિસ્તારોમાં ભારે પવન સાથે દરિયામાં ઊંચા મોજા ઉછળી રહ્યા છે અને વિસ્તારો જળબંબાકાર બન્યા છે.

તંત્ર દ્વારા તારીખ ૩, ૪ અને ૫ નવેમ્બર દરમિયાન ઘાટ રોડ (ડુંગરાળ વિસ્તારો) પર મુસાફરી ન કરવાની સખત ચેતવણી આપવામાં આવી છે. ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થવાનો અને પહાડો પરથી પથ્થરો ધસી પડવાનો ગંભીર ખતરો રહેલો છે. મુરાસુ ચક્રવાતની અસર માત્ર આંધ્ર પૂરતી મર્યાદિત નથી, પાડોશી રાજ્ય તેલંગાણામાં પણ તેની ગંભીર અસર જોવા મળી રહી છે. ખમ્મમ, નલગોંડા, સૂર્યાપેટ, મહેબૂબનગર, વાનાપર્થી અને નાગરકુરનૂલ જિલ્લાઓ માટે હવામાન વિભાગે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. આ ઉપરાંત હૈદરાબાદ, રંગારેડ્ડી, મેડચલ, વારંગલ સહિતના વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આંધ્ર પ્રદેશમાં હજુ ગત ૨૮ અને ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ત્રાટકેલા 'અર્નબ' સાઇક્લોનના લીધે થયેલા નુકસાનમાંથી લોકો બહાર આવ્યા નથી, ત્યાં મુરાસુએ ખેડૂતોની કમર તોડી નાખી છે. કૃષ્ણા, કાકીનાડા, શ્રીકાકુલમ, વિજયનગરમ, પાર્વતીપુરમ અને મન્યમ સહિતના જિલ્લાઓમાં સતત વરસાદ વરસી રહ્યો છે. કૃષ્ણા જિલ્લામાં ડાંગર ઉપરાંત બાજરી, મગફળી, કપાસ, શેરડી અને બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયું છે. જો પૂરનું પાણી ઓસર્યા વગર ફરીથી ભારે વરસાદ થશે, તો ખેતીના પાક સંપૂર્ણપણે બરબાદ થઈ જવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે.

ઓમાનના દરિયામાં જહાજ પર હવાઈ હુમલો ગુજરાતના યુવકનું મોત, તેર નાવિકનો બચાવ

પશ્ચિમ એશિયાના સંઘર્ષમાં ભારતીય નાવિકો પર વધતું જોખમ

નવી દિલ્હી, તા.૩

માનના દરિયાકિનારે ભારતીય માલવાહક જહાજ MSV અલ યુસુફી પર હુમલો થયો હતો. આ દુર્ઘટનામાં ગુજરાતના ગંધાર નહીમ અઝીઝ નામના નાવિકનું મોત થયું હતું. ૧૪ ભારતીય નાવિકોમાંથી ૧૩ને ઓમાન કોસ્ટ ગાર્ડે બચાવ્યા હતા. કેન્દ્રીય શિપિંગ મંત્રી સરબાનંદ સોનોવાલે દુ:ખ વ્યક્ત કર્યું છે. વિદેશ મંત્રાલય અને ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ બચેલા નાવિકોને મદદ કરી રહ્યા છે અને મૃતકના દેહને પરત લાવવા પ્રયાસ કરી રહ્યા છે.



ઓમાનના દરિયાઈ કિનારા નજીક એક ભારતીય માલવાહક જહાજ એમએસવી અલ યુસુફી પર હવાઈ હુમલો કરવામાં આવ્યો છે. આ દુર્ઘટનામાં જહાજ પર સવાર ૧૪ ભારતીય નાવિકોમાંથી ગુજરાતના વતની ગંધાર નહીમ અઝીઝ નામના નાવિકનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું છે. કેન્દ્રીય શિપિંગ મંત્રી સરબાનંદ સોનોવાલે આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરી મૃતકના પરિવાર પ્રત્યે સંવેદના પાઠવી છે.

હુમલાની ઘટના બનતાની સાથે જ ઓમાન કોસ્ટ ગાર્ડ દ્વારા ત્વરિત કામગીરી કરીને જહાજમાંથી બાકીના ૧૩ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારતીય વિદેશ મંત્રાલય અને ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ સ્થાનિક સત્તાવાળાઓના સતત સંપર્કમાં છે, જેથી બચેલા તમામ ૧૩ નાવિકોને જરૂરી સહાય પૂરી પાડી શકાય અને મૃતક નાવિકના પાર્થિવ દેહને વહેલી તકે ભારત પરત લાવી શકાય.

પશ્ચિમ એશિયામાં યુએસ-ઈરાન સંઘર્ષ અને દરિયાઈ માર્ગો પર વધી રહેલા તણાવના કારણે વેપારી જહાજો પરના હુમલામાં ચિંતાજનક વધારો થયો છે. સરકારી આંકડા અનુસાર, આ સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં ૨૨ ભારતીય નાવિકોએ જીવ ગુમાવ્યા છે, જેમાંથી ૧૪ નાવિકો દરિયાઈ જહાજો પર કાર્યરત હતા. વધતા જતા જોખમોને ધ્યાનમાં રાખીને ભારતે પોતાના નાગરિકોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર કામ કરવા પર પ્રતિબંધ પણ મૂક્યો છે. ભારત સરકારે આંતરરાષ્ટ્રીય જળસીમામાં મુક્ત અને સુરક્ષિત જળપરિવહનને અટકાવતા હુમલાઓની આકરા શબ્દોમાં નિંદા કરી છે.

દિલ્હીમાં દેખાવો મુદ્દે સુપ્રીમની લાલ આંખ

આંદોલનનો અર્થ એ નથી કે હંમેશા માટે જગ્યા કબજે કરી રાખો : વિરોધનો અધિકાર અન્ય નાગરિકોના અધિકારો સાથે સંતુલિત હોવો જોઈએ : SC

નવી દિલ્હી. તા.૩

સુપ્રીમ કોર્ટે મંગળવારે વિરોધ પ્રદર્શન અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે જણાવ્યું કે, કોઈ પણ જૂથ નિર્ધારિત સ્થળ પર અનિશ્ચિત સમય સુધી કબજો જમાવી શકે નહીં. વિરોધનો અધિકાર અન્ય નાગરિકોના અધિકારો સાથે સંતુલિત હોવો જોઈએ. દિલ્હીમાં પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર થતી અસર અંગેની અરજીઓ પર સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ ટિપ્પણી કરી હતી. નિર્ધારિત સમયગાળા માટે જ વિરોધની મંજૂરી આપવી જોઈએ.જ્ઞાયિળય ઈજ્ઞીીિ

સુપ્રીમ કોર્ટે મંગળવારે વિરોધ પ્રદર્શન અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે જણાવ્યું કે, કોઈ પણ જૂથ નિર્ધારિત સ્થળ પર અનિશ્ચિત સમય સુધી કબજો જમાવી શકે નહીં. વિરોધનો અધિકાર અન્ય નાગરિકોના અધિકારો સાથે સંતુલિત હોવો જોઈએ. દિલ્હીમાં વિરોધ પ્રદર્શનના કારણે વેપાર-ધંધા પર થતી અસર અંગે વેપારી સંગઠનોની અરજીઓ પર સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ ટિપ્પણી કરી હતી.

ચીફ જસ્ટિસે કહ્યું, તમે કોઈ સ્થળ પર



હંમેશાં માટે કબજો ન કરી શકો. ખેડૂતો, પત્રકારો વગેરે ક્યાં જશે? દરેકને વિરોધ કરવાનો અધિકાર છે. નિર્ધારિત સમયગાળા માટે જ વિરોધની મંજૂરી આપવી જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે વિરોધ પ્રદર્શનની મંજૂરી આપતા કે નકારતા આદેશોમાં તેનાં કારણો સ્પષ્ટ રીતે જણાવવાં જોઈએ. કોઈ એક જૂથ વિરોધ કરી રહ્યું હોય એટલે અન્ય લોકોને ત્યાં વિરોધ કરતાં રોકી શકાય નહીં.

વિરોધ પ્રદર્શનથી વેપાર-ધંધાને નુકસાનની ફરિયાદસુપ્રીમ કોર્ટમાં દાખલ અરજીઓમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા કથિત બળપ્રયોગ, મોટા પાયે અટકાયત, મેટ્રો સ્ટેશનો બંધ કરવા અને ઇન્ટરનેટ બંધ કરવા જેવા મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત પ્રદર્શનને કારણે વેપાર-ધંધા પર પડતી અસર અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. વેપારીઓના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે વિરોધ સ્થળની આસપાસના વિસ્તારોમાં લગભગ ૫૦ લાખ લોકો રહે છે. તેમના દાવા પ્રમાણે, વિરોધ પ્રદર્શનને કારણે દુકાનો બંધ રહે છે અને કનોટ પ્લેસ વિસ્તારમાં ખરીદી માટે લગભગ કોઈ આવતું નથી.

વિરોધ પ્રદર્શન રોકતી અરજી થઈ હતીદિવાળીના તહેવારો દરમિયાન વિરોધ પ્રદર્શન રોકવાની માગ કરતી કિરાના કમિટી દિલ્હી દ્વારા દાખલ અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને અન્ય સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જારી કરી હતી. જોકે, બેન્ચે કહ્યું કે વિરોધ પ્રદર્શનમાં સામેલ તમામ સંગઠનોને કેસમાં પક્ષકાર બનાવવામાં નહીં આવે ત્યાં સુધી વેપારીઓની ફરિયાદો પર નિર્ણય લઈ શકાય નહીં. કોર્ટે વેપારી સંગઠનોને મુખ્ય ચૂંટણી કમિશનર (ઈઊઈ) વિરુદ્ધનાં વિરોધ પ્રદર્શનના આયોજકોને પણ કેસમાં પક્ષકાર બનાવવા જણાવ્યું હતું.

જંતર-મંતર પર વિરોધની મંજૂરી રદ કર્યા બાદ સુનાવણીકેન્દ્ર સરકારે થોડા દિવસ પહેલાં જંતર-મંતરને નિર્ધારિત વિરોધ સ્થળની યાદીમાંથી દૂર કર્યું હતું. તેના વિકલ્પ તરીકે રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને ઈઇઉ ગ્રાઉન્ડને વિરોધ પ્રદર્શન માટેનાં સ્થળ તરીકે ઓળખવામાં આવ્યાં છે.

તહેવારો ટાણે જ FDAએ પછાડ્યો ધોકો

પતંજલિના ગાયના ઘી સહિત નવ કરોડનો ખાદ્યજથ્થો સીલ

૧૯ એકમોના લાયસન્સ રદ અને ડી-માર્ટ સહિત વિવિધ સ્થળોએથી ખાદ્ય સામગ્રી જપ્ત

નવી દિલ્હી, તા.૩

મહારાષ્ટ્ર FDA એ છત્રપતિ સંભાજીનગરમાં પતંજલિના સુપર ડિસ્ટ્રિબ્યુટર પાસેથી ૨૦.૨૦ લાખ રૂપિયાનું ગાયનું ઘી જપ્ત કર્યું છે. ફૂડ સેફ્ટી એક્ટના ભંગ બદલ કુલ ૪,૦૩૨ યુનિટ ઘી જપ્ત કરવામાં આવ્યું છે. ઉપરાંત, FDA એ ૧૯ વ્યવસાયોના લાયસન્સ રદ કર્યા છે અને ડી-માર્ટ સહિત વિવિધ સ્થળોએથી મોટી માત્રામાં ખાદ્ય સામગ્રી જપ્ત કરી છે.



મહારાષ્ટ્ર FDAના સત્તાવાર નિવેદન મુજબ, છત્રપતિ સંભાજીનગરમાં પતંજલિ આયુર્વેદના સુપર ડિસ્ટ્રિબ્યુટર પાસેથી કુલ ૨૦.૨૦ લાખ રૂપિયાની કિંમતના ગાયના ઘીના ૪,૦૩૨ યુનિટ્સ જપ્ત કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ ની જોગવાઈઓનો ભંગ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. મુંબઈ, અમરાવતી અને છત્રપતિ સંભાજીનગર વિભાગોમાં નમકીન, મીઠાઈ અને મસાલાનું ઉત્પાદન કરતા ૧૯ એકમોના લાઇસન્સ FDA દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તપાસમાં અસ્વચ્છ વાતાવરણ, જીવાત નિયંત્રણનો અભાવ, અને ખાદ્ય સુરક્ષાના ધોરણોનું પાલન ન થવા જેવી ગંભીર ખામીઓ સામે આવી હતી. થાણેના ભિવંડીમાં ડી-માર્ટ પાસેથી ૧,૪૪,૨૧૮ કિલોગ્રામ ખાદ્ય તેલ જપ્ત કરાયું હતું. સાતારા અને સોલાપુરમાંથી પણ મોટા પ્રમાણમાં ચોખા, કઠોળ, ગોળ અને ખાદ્ય તેલ જપ્ત કરવામાં આવ્યું હતું.

૨૮ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન ૭૯.૪૦ લાખ રૂપિયાની પ્રતિબંધિત વસ્તુઓ જપ્ત કરાઈ હતી. આ દરમિયાન ૧૩ FIR નોંધાઈ, ૧૬ લોકોની ધરપકડ થઈ, ૭ એકમો સીલ કરાયા અને ૬ વાહનો જપ્ત કરાયા હતા. આ ઉપરાંત, વિવિધ વિભાગોમાં ૩૪ હોટલ અને રેસ્ટોરાંનું નિરીક્ષણ કરી ૨૯ એકમોને નોટિસ અપાઈ હતી.

FSSAI દ્વારા ટાટા ૧ળલ મરીન કોલેજન પાઉડરના લેબલિંગ અને જાહેરાત મામલે ટાટા ૧ળલ હેલ્થકેર, એમેઝોન સેલર સર્વિસિસ, ફ્લિપકાર્ટ અને ફાર્માસ્યુટિકલ્સને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે અને ૩૦ દિવસમાં ખુલાસો કરવા જણાવ્યું છે.

અરબ સાગરમાં નેવીનું સાહસિક ઓપરેશન

સમુદ્રી ચાંચિયાઓના કબજામાંથી ૨૦ ક્રૂ મેમ્બર્સ સહિતનું બચાવ્યું જહાજ

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઓપરેશનની તસવીરો શેર કરતા નેવીના શૌર્યને બિરદાવ્યું

નવી દિલ્હી, તા.૩

ભારતીય નેવી અને આર્મી વચ્ચેના અદ્ભુત સમન્વયથી અરબ સાગરમાં એક અત્યંત સાહસિક રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. મુંબઈથી ૩૦૦૦ કિલોમીટરથી વધુ દૂર સમુદ્રમાં ભારે હથિયારોથી સજ્જ સમુદ્રી ચાંચિયાઓએ 'અજિની' નામની એક માછલી પકડવાના જહાજ અને તેના ૨૦ ક્રૂ મેમ્બર્સને બંધક બનાવી લીધા હતા. નેવીએ ૪૮ કલાક સુધી સતત ચાલેલા આ ઓપરેશન બાદ જહાજ અને તમામ ૨૦ લોકોને સુરક્ષિત મુક્ત કરાવી લીધા છે.



આ સમગ્ર અભિયાનમાં ભારતીય એરફોર્સ તરફથી સમયસર મળેલી ચોક્કસ લોકેશન ઈનપુટ મદદરૂપ સાબિત થઈ હતી. આ માહિતીના આધારે નેવીના શક્તિશાળી વિધ્વંસક યુદ્ધજહાજ INS કોલકાતાએ સ્થળ પર પહોંચીને ચાંચિયાઓને ઘેરી લીધા હતા. નેવીના કમાન્ડોએ જહાજ પર પહોંચીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો અને ચાંચિયાઓ પાસેથી હથિયારોનો મોટો જથ્થો પણ જપ્ત કર્યો હતો.

આ સફળ કામગીરી બાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઙ પર આ ઓપરેશનની તસવીરો શેર કરતા નેવીના શૌર્ય અને તૈયારીઓની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે આપણા બહાદુર જવાનોએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ભારત પાસે સમુદ્રી સુરક્ષા જાળવવાની, લોકોના જીવ બચાવવાની અને સમગ્ર હિંદ મહાસાગર ક્ષેત્રમાં સ્થિરતા સુનિશ્ચિત કરવાની સંપૂર્ણ ક્ષમતા અને દ્રઢ સંકલ્પ છે. આ અગાઉ માર્ચ ૨૦૨૪માં પણ INS કોલકાતાએ ભારતીય કિનારેથી લગભગ ૨૬૦૦ કિલોમીટર દૂર 'MV ઝુએન' જહાજને ચાંચિયાઓથી મુક્ત કરાવ્યું હતું, પરંતુ આ વખતનું ઓપરેશન તેના કરતા પણ વધુ અંતરે પાર પાડવામાં આવ્યું છે. દરિયાઈ લૂંટ અટકાવવા માટે ભારતીય નેવીએ ૧૦થી વધુ યુદ્ધજહાજો તૈનાત કર્યા છે, જે અરબ સાગર, અદનનો અખાત અને આફ્રિકાના પૂર્વીય તટ પર સતત પેટ્રોલિંગ કરીને આંતરરાષ્ટ્રીય વેપારી માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યા છે.

યોગીનગરમાં પરિણીતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

સાધુ વાસવાણી રોડ પર ના વિસ્તારની બે સંતાનની માતાએ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભર્યું : વીજશોકથી પ્રોઢનું મોત :બે યુવતીઓ ભેદી સંજોગોમાં ગૂમ

રાજકોટ, તા.૩

રાજકોટ શહેરના સાધુ વાસવાણી રોડ પર આવેલ યોગીનગરમાં પરિણીત મહિલાએ પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે. બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીથી જાણ કરવામાં આવતા ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સાધુ વાસવાણી રોડ પર યોગીનગર-૩ માં રહેતા તરુણાબેન બેચરભાઈ ભીમાણી (ઉં. ૩૭ વર્ષ) નામની પરિણીતાએ આજે બપોરે ૨ વાગ્યાની આસપાસ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. તેમને બેભાન હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ઈમરજન્સી રૂમના ફરજ પરના ડોક્ટર યાત્રી પંચાલ દ્વારા તપાસ્યા બાદ બપોરે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ સી.જે. ઝાલા દ્વારા આ બનાવની જાણ કરવામાં આવી હતી. મૃતક તરુણાબેન પરિણીત હતા અને તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે, જ્યારે તેમના સાસુ-સસરા અલગ રહે છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ-૨ (યુનિ.)એ મહિલાના આપઘાત પાછળનું સાચું કારણ જાણવા આગળની તપાસ હાથ ધરી છે.



વીજશોક

રાજકોટના રાણપુર ગામ પાસે આવેલા એક ગોડાઉનમાં કલરકામ કરતી વખતે ઈલેક્ટ્રિક શોક લાગવાથી ૫૫ વર્ષીય શ્રમિકનું મોત નીપજ્યું છે. આ અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ બજરંગવાડીમાં રહેતા રાજેશભાઈ શશીકાંતભાઈ રાવલ ઉર્ફે રાજુભાઈ (ઉ.વ. ૫૫) મજૂરીકામ કરતા હતા. તારીખ ૦૩/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ તેઓ રાજકોટ તાલુકાના રાણપુર ગામ ખાતે આવેલા સંજયભાઈના ગોડાઉનમાં કલરકામ કરી રહ્યા હતા. કામ કરતી વખતે અકસ્માતે તેઓ ઈલેક્ટ્રિક લાઈનને અડી જતાં તેમને ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો. શોક લાગવાથી તેઓ નીચે પટકાયા હતા, જેના કારણે તેમને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત રાજેશભાઈને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, ચાલુ સારવાર દરમિયાન સાંજે ફરજ પરના ડોક્ટર ઉર્વેશ પરમારે તેમને મૃત જાહેર કર્યા હતા.

સિવિલ હોસ્પિટલના ડો. ઉર્વેશ પરમાર દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા, કુવાડવા રોડ પોલીસના હેડ કોન્સ્ટેબલ વી.ડી. મકવાણાએ હાથ ધરી છે.

ગૂમ

રાજકોટ શહેરમાં બે અલગ અલગ વિસ્તારોમાંથી બે મહિલાઓ ગુમ થવાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. બજરંગવાડી વિસ્તારમાંથી ૨૨ વર્ષીય યુવતી અને દ્વારકાધીશ એપાર્ટમેન્ટમાંથી ૨૩ વર્ષીય પરિણીતા ગુમ થતાં તેમના પરિવારો ચિંતામાં મુકાયા છે. ગાંધીગ્રામ અને માલવીયાનગર પોલીસે આ બંને બનાવોની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી જાણવા જોગ મુજબ, બજરંગવાડી, પુનીતનગર મેઈન રોડ પર રહેતી ૨૨ વર્ષીય રાધિકા દિલીપભાઈ ગઢવી ગત તારીખ ૫.૧૦.ના રોજ સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી ગઈ છે. તેના પિતા દિલીપભાઈ શાંતિભાઈ ગઢવીએ પોલીસમાં જાણ કરી છે. રાધિકા અપરિણીત છે અને ધોરણ ૧૨ પાસ છે. બજરંગવાડી ચોકીના હેડ કોન્સ્ટેબલ ભવદીપસિંહ એમ. ગોહિલ રાધિકાની શોધખોળ આદરી છે.

જયારે બીજો બનાવ માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. સેલના પેટ્રોલપંપ વાળી શેરીમાં આવેલા દ્વારકાધીશ એપાર્ટમેન્ટ, વિંગ બી, ફ્લેટ નં ૨૦૭ માં રહેતા મનદીપભાઈ રાજસીંગભાઈ સોલંકીના ૨૩ વર્ષીય પત્ની ક્રિષ્ણાબા તા.૨ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ઘરેથી કહ્યા વગર ચાલ્યા ગયા છે. તેમના ડાબા હાથના કાંડા પર અંગ્રેજીમાં 'મનદીપ' ત્રોફાવેલું છે. હેડ કોન્સ્ટેબલ જે.એચ. પીપળવાએ ક્રિશ્નાબાની તપાસ આદરી છે.

સંક્ષિપ્ત સમાચાર

ગોંડલ માર્કેટ યાર્ડમાં દિવાળી પર્વ નિમિત્તે એક સપ્તાહનું વેકેશન

તા. ૬ થી ૧૩ નવેમ્બર દરમિયાન ખરીદ-વેચાણ અને હરરાજીની કામગીરી રહેશે સંપૂર્ણ બંધ



ગોંડલઃ ગોંડલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટ યાર્ડ) દ્વારા દિવાળી તથા નૂતન વર્ષના તહેવારોને અનુલક્ષીને એક સપ્તાહનું મિની વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. યાર્ડના વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આગામી તારીખ ૬ નવેમ્બરથી ૧૩ નવેમ્બર સુધી સળંગ આઠ દિવસ માટે યાર્ડમાં તમામ પ્રકારની ખરીદ-વેચાણ અને હરરાજીની કામગીરી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તહેવારોના આ રજાના દિવસો દરમિયાન માર્કેટ યાર્ડમાં કોઈપણ પ્રકારનું કામકાજ થવાનું ન હોવાથી ખેડૂતોને હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે ખાસ અપીલ કરવામાં આવી છે. ખેડૂત ભાઈઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓએ રજાના આ દિવસો દરમિયાન પોતાનો ખેતપેદાશનો માલ વેચવા માટે યાર્ડમાં લાવવો નહીં. યાર્ડના વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ખેડૂતોને કોઈ અગવડતા ન પડે તે હેતુથી આ જાહેર કરાયેલી રજાઓની નોંધ લઈ અગાઉથી જ માલ લાવવા અંગેનું યોગ્ય આયોજન કરવા જણાવ્યું છે.

વઢવાણ પોલીસના બે ગુનામાં નાસતો ફરતો ઘનો ઝડપાયો

રાજકોટ ગ્રામ્ય SOG ટીમેં જસદણના નવા બસસ્ટેન્ડ પાસેથી ઝડપી લીધો

રાજકોટ : પાંચ મહિના અગાઉ વઢવાણ પોલીસ સ્ટેશનના પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયેલા ઘનશ્યામ ઉર્ફે ઘનો વીરુ કાંજીયાને રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટીમે ઝડપી પાડ્યો છે. એસ.ઓ.જી. બ્રાંચના પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જી.જે. ઝાલા, હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડ અને ચંદુભાઈ પલાળિયાને મળેલી સંયુક્ત ખાનગી બાતમીના આધારે ઘનશ્યામ ઉર્ફે ઘનો વીરુ કાંજીયાને દબોચી લેવાયો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ઘનો મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના જસાપર ગામનો રહીશ છે. ઘનો વઢવાણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ગુનાઓમાં નાસતો ફરતો હતો. ગુનાઓની તપાસ એસ.ઓ.જી. શાખાના પીએસઆઈ જી.જે. ઝાલા ચલાવી રહ્યા હતા. આરોપી પોલીસને થાપ આપીને પોતાની ઓળખ છુપાવીને નાસતો ફરતો હતો, પરંતુ આજે પોલીસની ટીમે બાતમીના આધારે તેને જસદણના નવા બસસ્ટેન્ડ ખાતેથી ઝડપી લીધો હતો. તેમની સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

હીટ એન્ડ રન સર્જનાર ચાલકની શોધખોળ

રાજકોટ-અમદાવાદ હાઈવે પર અજાણ્યા વાહનની અડફેટે વૃદ્ધનું મોત

કામ પરથી પગપાળા પરત ફરતા સમયે સર્વિસ રોડ પર સર્જાયો અકસ્માત

રાજકોટ, તા.૩

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર એક અજાણ્યા વાહન ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવીને એક વૃદ્ધને હડફેટે લેતા તેમનું મોત નીપજ્યું છે. આ ઘટના મામલે રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશનમાં મૃતકના પુત્ર દ્વારા તારીખ ૦૩/૧૧/૨૦૨૬ના રોજ અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.



આ જીવલેણ ઘટના ગત તારીખ ૨૨/૧૦/૨૦૨૬ ના રોજ સાંજના આશરે પોણા છ વાગ્યાના સુમારે બની હતી. કોઠારિયા રોડ પર જુના સુભાષનગર સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય ચિરાગભાઈ નોંધણવદરા અને તેમના ૬૦ વર્ષીય પિતા સુરેશભાઈ ખોડાભાઈ નોંધણવદરા શ્રી હરી ઈન્ડસ્ટ્રીઝમાં કામ પતાવીને ઘરે જવા નીકળ્યા હતા. પિતા સુરેશભાઈએ થોડીવાર ચાલીને ઘરે આવવાનું કહેતા પુત્ર બાઈક લઈને ઘરે પહોંચ્યો હતો. થોડી વારમાં ચિરાગભાઈની પત્ની પર એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેણે જણાવ્યું હતું કે શ્રી હરી ઈન્ડસ્ટ્રીઝ અને સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ વચ્ચેના સર્વિસ રોડ પર તેમના સગાનો ગંભીર અકસ્માત થયો છે.

માહિતી મળતા જ પુત્ર ચિરાગભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાં તેમણે પિતાને સર્વિસ રોડ પર બેભાન અને લોહીલુહાણ હાલતમાં જોયા હતા, તેમના કપાળના ભાગેથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના ડોક્ટરે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ આજીડેમ પોલીસમાં મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુનો દાખલ કરીને ચાલકની શોધખોળ આદરાઈ છે. બનાવની વધુ તપાસ પીએસઆઈ એ.એસ.ચૌહાણએ હાથ ધરી છે.

મેટોડા GIDCમાંથી ૧.૬૮૬ કિલો ગાંજા સાથે એક ઝડપાયો

એન્ટી નાર્કોટીકસ વિંગની ટીમે ૮૯,૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ કર્યો જપ્ત

રાજકોટ. તા.૩

રાજકોટ ગ્રામ્ય પોલીસની એન્ટી નાર્કોટીકસ વિંગએ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાંથી ગાંજાના જથ્થા સાથે એક શખ્શને ઝડપી પાડ્યો છે. રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જરની સૂચના હેઠળ ''SAY NO TO DRUGS'' મુહિમ અંતર્ગત આ પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી છે.

બાતમીના આધારે પોલીસે કરી કાર્યવાહી હ્યુમન અને ટેક્નિકલ એનાલિસિસ દ્વારા એન્ટી નાર્કોટીકસ વિંગ ને ચોક્કસ બાતમી મળી હતી કે, મેટોડા GIDC ગેઈટ નં.૩ પાસે સરફરાજ હુસૈન નામનો શખ્સ વેચાણ અર્થે ગાંજો રાખી રહ્યો છે. આવી હકીકતના આધારે એન્ટી નાર્કોટીકસ વિંગના ઈન્ચાર્જે જે.એ. ખાચર, પીએસઆઈ જી.જે. ઝાલા, હેડ કોન્સ્ટેબલ સુરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ લક્કીરાજસિંહ જાડેજા તેમજ એસ.ઓ.જી. શાખાના હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડા સહિતના સ્ટાફે બાતમીવાળી જગ્યાએ ત્રાટકતા શંકાસ્પદ શખ્શને દબોચી લીધો હતો. દરમિયાન તેમની તપાસ કરતા તેમના કબ્જામાંથી ૮૪,૩૦૦નો ૧ કિલો ૬૮૬ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.



પકડાયેલા શખ્શે પોતાનું નામ મૂળ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના અને હાલ મેટોડા જીઆઈડીસી ગેઈટ નં. ૩ ની અંદર આવેલ હાર્દ મશીન ટુલ્સ કારખાનાની ઓરડીમાં રહેતા ૨૬ વર્ષીય સરફરાજ હુસૈન પીર મહમ્મદ હોવાનું જણાવતા પોલીસે તેની ધરપકડ કરી છે. પોલીસે ગાંજો ઉપરાંત ૫,૦૦૦નો મોબાઈલ મળી ૮૯,૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપી વિરુદ્ધ મેટોડા GIDC પોલીસ સ્ટેશન ખાતે એન.ડી.પી.એસ.એક્ટ મુજબ નોંધી ગાંજો ક્યાંથી લાવ્યો ? તે વેચે છે ? કેટલા સમયથી ? વિગેરે માહિતી ઓકાવવા તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

કોપીરાઈટ ભંગ બદલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

લાયસન્સ વગર 'હેલોવીન નાઈટ' પ્રોગ્રામમાં ગીતો વગાડતાં ગુનો!

રાજકોટ તા. ૩

શહેરમાં મ્યુઝિકલ કોપીરાઈટના નિયમોનું ઉલ્લંઘન કરવાનો મામલો સામે આવ્યો છે, જ્યાં કાયદાકીય પરવાનગી કે લાયસન્સ વગર જ ધૂમ મચાવતા આયોજકો સામે લાલ આંખ કરવામાં આવી છે.

વિગતો જોઈએ તો ફરિયાદ મુજબ, ફોનોગ્રાફિક પરફોર્મન્સ લિમિટેડ કંપનીના સિનિયર ઓફિસર લાયસન્સિંગ તરીકે ફરજ બજાવતા સંજયસિંહ કાળુભૂસિંહ ઝાલા (ઉ.વ. ૩૨, રહે- દ્રાર્ક સોસાયટી શેરી નં. ૦૧, ઘર નં. ૦૮, ઈમ્પીરીયા લાઈટ્સની સામે, બીગ બજાર પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ) દ્વારા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ રજૂ કરવામાં આવી છે.

ફોનોગ્રાફિક પરફોર્મન્સ લિમિટેડ કંપની પાસે ૪૫૦ થી વધુ મ્યુઝીક લેબલ્સની કોપી રાઈટ છે, જેમાં ટી-સિરીઝ, સોની મ્યુઝિક, યુનિવર્સલ મ્યુઝિક, વીનસ રેકોર્ડ્સ, સ્પીડ રેકોર્ડ્સ, આદિત્ય મ્યુઝિક વગેરેનો સમાવેશ થાય છે. આ કંપનીમાં અંગ્રેજી, હિન્દી, પંજાબી, તેલુગુ, મરાઠી, ગુજરાતી અને અન્ય ભારતીય તથા આંતરરાષ્ટ્રીય ભાષાઓના વિવિધ શૈલીઓ જેવા કે બોલીવુડ, ઈ.ડી.એમ., હિપ હોપ, પોપ રોક, હાઉસ ઈન્સ્ટ્રુમેન્ટલ, ક્લાસીકલ સંગીત અને ગીતો સામેલ છે. આ સંગીત તથા ગીતો કંપની દ્વારા કરાર આધારીત કોપીરાઈટ એક્ટની કલમ ૩૦ હેઠળ સાઉન્ડ રેકોર્ડિંગને જાહેર કરી ચલાવવા / સંચાર કરવા અંગેની પરવાનગી આપવામાં આવે છે. કંપનીની લિંકમાં ૩૦ લાખ જેટલા ગીતોની ટેરીફ અને વિગતો છે, જેમાં બેકગ્રાઉન્ડ લાઈસન્સ અને ઈવેન્ટ લાઈસન્સ જેવી વિવિધ લાઈસન્સ સેવાઓ ઉપલબ્ધ છે. ઈવેન્ટ લાઈસન્સ એ એક વખત લાઈસન્સ આપવામાં આવે છે અને આ લાઈસન્સ લેનાર આયોજકો અને ઈવેન્ટ સ્થળના માલિકને ઈવેન્ટ પર કોપીરાઈટ કરેલા ધ્વની રેકોર્ડિંગને લોકો સુધી પહોંચાડવા માટે આપવામાં આવે છે. તેમજ જે સ્થળે ઈવેન્ટ કરવામાં આવે છે તે સ્થળના સંચાલક દ્વારા ભાડેથી આપતના સમયે તેને કાયદેસર રીતે ચલાવવા માટે અગાઉથી કંપની પાસેથી પરવાનગી લેવાની રહે છે અને જરૂરી લાઈસન્સ મેળવ્યા વગર તેઓ ધ્વની રેકોર્ડિંગ વગાડી શકતા નથી તેમજ કોઈ પણ ઈવેન્ટ દરમિયાન ઈવેન્ટ કરનાર આયોજકો દ્વારા ધ્વની રેકોર્ડિંગ અને સંચાર કરવા માટે કોપીરાઈટના માલિક પાસેથી પરવાનગી મેળવવાની રહે છે.



ગઈ તા. ૧૫/૧૦/૨૦૨૬ ના રોજ ફરિયાદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં રીલ્સ જોઈ રહી હતી તે દરમિયાન ૧૫૦ ફુટ રીંગ રોડ, કોકનટ કાઉન્ટી પાર્ટી લોન્સ સામે, રાજકોટ ખાતે આવેલ ક્યુરે કેફે બાય મસાલા ડાયરીઝ નામના કેફેમાં તા. ૩૧/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યે ઈંઅક્કઘઠઊઊગ ગઈંઋઈંઝ નામના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હોવાની અને તેમાં ડી. જે. પાર્ટીનું આયોજન કરેલ હોવાની માહિતી મળી હતી. ડી.જે. પાર્ટીમાં સાઈન મ્યુઝીક વગાડવા માટે આવવાના હોવાની હકીકત મળતા ફરિયાદીએ પોતાના મિત્રો હીમાંશુભાઈ નીતેશભાઈ મુંજલપરા સાથે રાજકોટના ઓડીશા પાર્ટીના પાસ ખરીદ્યા હતા. ત્યારબાદ તારીખ ૩૧/૧૦/૨૦૨૬ ના રાત્રીના સાડા આઠ વાગ્યે ૧૫૦ ફુટ રીંગ રોડ, કોકનટ કાઉન્ટી પાર્ટી લોન્સ સામે રાજકોટ ખાતે આવેલ ક્યુરે કેફે બાય મસાલા ડાયરીઝ નામના કેફેમાં આયોજિત ઈંઅક્કઘઠઊઊગ ગઈંઋઈંઝ નામના પ્રોગ્રામમાં ગયેલ હતા.

ત્યાં રાત્રીના સાડા નવ જાગ્યાથી રાત્રીના દસ વાગ્યા દરમિયાન શરાબી, વારી જાવું, અંગ્રેજી બીટ, દીવાનિયન, સુરજ ડુબા લે, શીલા કી જવાની, બમ દીગી દીગી, કમરિયા, છોગાડા, સુબહ હોને ના દે રીમીક્સ, તુમ હી હો બંધુ, તેમજ કેરેક્ટર ઢીલા અને અભી તો પાર્ટી શરૂ હુઈ હે વગેરે મુજબના ગીતો વગાડવામાં આવ્યા હતા. આ પાર્ટી શરૂ હોવાથી તમામ ગીતોના નામના મોબાઈલ ફોનમાં વિડિયો રેકોર્ડ કરી કંપની દ્વારા તપાસ કરાવાયેલ હતી.

ઉપરોક્ત ગીતો કંપનીની માલિકી હક હેઠળનાં સાઉન્ડ રેકોર્ડિંગ્સ કોપીરાઈટ અધિનિયમ-૧૯૫૭ ની કલમ ૭ હેઠળ જરૂરી લાઈસન્સ પ્રાપ્ત કર્યા વિના વગાડવામાં આવ્યા હતા. જેના દ્વારા કંપનીના ઉપરોક્ત સાઉન્ડ રેકોર્ડિંગમાં રહેલા કોપીરાઈટનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાની બાબતે કંપનીની અમદાવાદ ખાતે આવેલ ઓફિસના ડેપ્યુટી મેનેજર પૃથ્વીરાજસિંહ વનરાજસિંહ જાડેજા (રહે. નરોડા, અમદાવાદ) ને જાણ કરી આજરોજ બંને અહીં આ ૧૫૦ ફુટ રીંગ રોડ, કોકનટ કાઉન્ટી પાર્ટી લોન્સ સામે રાજકોટ ખાતે આવેલ ક્યુરે કેફે બાય મસાલા ડાયરીઝ ના કેફેના જવાબદાર વ્યક્તિએ લાઈસન્સ વગર કંપનીના ઉપરોક્ત મુજબના ગીતો વગાડી કોપીરાઈટ એક્ટની અવગણના કરીને કોપીરાઈટ એક્ટ મુજબનો ગુનો કરી કંપનીને આર્થિક નુકસાન પહોંચાડેલ છે. આથી પૃથ્વીરાજસિંહ વનરાજસિંહ જાડેજા સાથે મળીને આ કેફેના જવાબદાર વ્યક્તિ વિરુદ્ધ કાયદેસરની તપાસ થવા માટે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ. જે. સોલંકી સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વકીલ મંડળમાં ખળભળાટ : સંવેદનશીલ મુદ્દાઓ પર મંથન

કાયમી લોક અદાલતના વિરોધમાં હડતાળની ચીમકી

રાજકોટ બાર એસોસિએશનની જનરલ બોર્ડ બેઠકે ન્યાયીક-વ્યવસાયીક વર્તુળોમાં મચાવી હલચલ : આગામી દિવસોમાં મોટા આંદોલન-વિવાદનું ફૂંકાશે રણશિંગું

રાજકોટ, તા. ૩

રાજકોટ બાર એસોસિએશન દ્વારા તાજેતરમાં બોલાવવામાં આવેલી ક્રમબદ્ધ જનરલ બોર્ડની બેઠકે ન્યાયિક અને વ્યાવસાયિક વર્તુળોમાં ભારે હલચલ મચાવી દીધી છે. પ્રમુખ સુમિત વોરા અને સેક્રેટરી નીલેશ પટેલ સહિતના દિગ્ગજ હોદ્દેદારો તેમજ કારોબારી સમિતિના સભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં મળેલી આ બેઠક માત્ર ઔપચારિક ચર્ચા પૂરતી સીમિત ન રહેતા, આગામી દિવસોમાં મોટા આંદોલન અને વિવાદનું રણશિંગુ ફૂંકનારી સાબિત થઈ છે. બેઠક દરમિયાન વકીલ આલમના અસ્તિત્વ અને વ્યાવસાયિક સુરક્ષાને સીધી અસર કરતા ત્રણ અત્યંત સંવેદનશીલ મુદ્દાઓ પર ગહન મંથન થયું હતું, જેના અંતે લેવાયેલા નિર્ણયોથી રાજકોટના ન્યાય જગતમાં રાજકીય અને વ્યાવસાયિક ગરમાવો વ્યાપી ગયો છે.

સૌથી મોટો અને ઉગ્ર વિરોધ કાયમી લોક અદાલતની પ્રણાલી સામે નોંધાવવામાં આવ્યો છે. વકીલો દ્વારા સ્પષ્ટપણે એવો સુર વ્યક્ત કરવામાં આવ્યો છે કે આ પ્રકારની વ્યવસ્થાના કારણે વકીલોના હાથમાંથી કામ છીનવાઈ જશે અને તેઓ પોતાના જ વ્યવસાયમાં બેરોજગાર જેવી સ્થિતિમાં મુકાઈ જશે. વકીલાતના પાયા પર સીધો ઘા કરતી આ પ્રણાલીને કારણે ન્યાય મેળવવાની પરંપરાગત પદ્ધતિઓ અને વકીલોની ભૂમિકા નબળી પડી રહી હોવાની ભીતિ વકીલોએ વ્યક્ત કરી છે. આ મુદ્દે માત્ર મૌખિક વિરોધ કરવાને બદલે આક્રમક માર્ગ અપનાવવાની ચર્ચા શરૂ થઈ છે, જેમાં કાયમી લોક અદાલતના સંપૂર્ણ બહિષ્કાર ઉપરાંત હડતાળ પાડવા અને કોર્ટના મુખ્ય દરવાજે તાળાબંધી કરવા સુધીના આડેધડ પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

આ બેઠકનો બીજો સૌથી વિવાદાસ્પદ મુદ્દો લોક અદાલતમાં ચાલતી દારૂ અને જુગારના કેસોની શંકાસ્પદ કાર્યવાહીનો રહ્યો છે. વકીલોએ આક્ષેપ કર્યો છે કે કેટલાક કિસ્સાઓમાં પોલીસ સ્ટેશન સ્તરે જ ખેલ પાડવામાં આવે છે, જ્યાં આરોપીઓની ગેરહાજરીમાં અને તેમની મૌખિક કે દબાણપૂર્વકની સહીઓથી ગુનાની કબૂલાત મેળવી લેવાય છે. આરોપીઓને મેજિસ્ટ્રેટ સમક્ષ કોર્ટમાં રૂબરૂ રજૂ કર્યા વિના અને વકીલની ઉપસ્થિતિ વગર જ સીધી દંડની કાર્યવાહી કરી દેવામાં આવતી હોવાના ગંભીર આરોપો મેજિસ્ટ્રેટની કામગીરી સામે પણ સીધા સવાલો ખડા કરે છે. આ ગેરરીતિ અને ન્યાયિક પ્રક્રિયાના ભંગ સામે વકીલોમાં ભારે રોષ છે, જેને લઈને આગામી સમયમાં જિલ્લા ન્યાયાધીશ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત થઈને આ પ્રક્રિયા તાત્કાલિક ધોરણે અટકાવવા કડક રજૂઆત કરવાનો એકમતથી નિર્ણય લેવામાં આવ્યો છે.


AI IMAGE

આ ઉપરાંત, બાર એસોસિએશનની ચૂંટણી દર બે વર્ષે નિયમિતપણે યોજવા બાબતે પણ પરામર્શ કરવામાં આવ્યો હતો. ઉપપ્રમુખ એસ.કે. જાડેજા, પૂર્વ પ્રમુખ પરેશભાઈ મારૂ, જોઇન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલિયા, ટ્રેઝરર પ્રગતિબેન માકડિયા, લાઇબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ તેમજ કારોબારી સભ્યો હીરલબેન જોષી, નિશાબેન લુણાગરિયા, મીનલબેન સોનપાલ, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજયકુમાર રૈયાણી, સંજય ડાંગર, અશ્વિન રામાણી, કલ્પેશ સાકરિયા, દીપ વ્યાસ અને કો-ઓપરેટિવ સભ્યો રક્ષાબેન ઉપાધ્યાય તથા હસમુખભાઈ સાગઠિયાની હાજરીમાં યોજાયેલી આ બેઠકના વલણો દર્શાવે છે કે જો વહીવટી તંત્ર દ્વારા વકીલોની આ વ્યાજબી માંગણીઓ અને ચિંતાઓનું નિરાકરણ નહીં આવે, તો રાજકોટ કોર્ટ પરિસરમાં આગામી દિવસોમાં મોટો વ્યવસાયિક વિરોધ અને ધરણા-પ્રદર્શન જોવા મળી શકે છે.

તહેવારોમાં ગ્રાહકોની છેતરપિંડી સામે તંત્ર સતર્ક

તોલમાપ વિભાગના ગુજરાતભરમાં દરોડાઃ મીઠાઈ-ફરસાણના વેપારીઓ પર તંત્રના દરોડા, રૂ. ૨૦.૨૩ લાખનો દંડ વસૂલાયો

રાજકોટ, તા. ૩

નવરાત્રી દશેરા અને દિવાળીના તહેવારો દરમિયાન બજારોમાં મીઠાઈ ફરસાણ અને ડ્રાયફ્રુટ્સની ખરીદી પૂરબહારમાં ખીલતી હોય છે અને આ સમયગાળા દરમિયાન ગ્રાહકો મોટા પ્રમાણમાં ખરીદી કરતા હોય છે પરંતુ આ ખરીદીમાં ગ્રાહકોને વજનમાં ઓછું આપવા કે છેતરવાના બનાવો ન બને તેમજ ગ્રાહકો તેમના અધિકારો પ્રત્યે જાગૃત રહે તેવા મહત્ત્વપૂર્ણ હેતુસર ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી રમણભાઇ સોલંકીના માર્ગદર્શન હેઠળ કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા એક વિશેષ અને સઘન રાજ્યવ્યાપી તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

જેમાં તંત્ર દ્વારા નવરાત્રી દશેરાના તહેવારો દરમિયાન તારીખ અગિયારથી વીસ ઓક્ટોબર બે હજાર છવ્વીસ અને દિવાળીના તહેવારો દરમિયાન તારીખ અઠ્ઠાવીસથી ઓગણત્રીસ ઓક્ટોબર બે હજાર છવ્વીસ દરમિયાન આ વિશેષ ઝુંબેશનું ચુસ્ત આયોજન કરવામાં આવ્યું હતું અને આ સેવાયજ્ઞ



દરમિયાન રાજ્યભરની કુલ એક હજાર પાંચસત્તાણું જેટલી મીઠાઈ ફરસાણ ડ્રાયફ્રુટની દુકાનો હોલસેલ વેપારીઓ સુપરમાર્કેટ અને મોલ વગેરે સ્થળો પર સામુહિક તપાસણી હાથ ધરવામાં આવી હતી જે તપાસણી દરમિયાન કાયદા અને નિયમોની જોગવાઈઓનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરતા કુલ આઠસો સાઈઠ એકમો સામે ગુનાઓ નોંધી કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવી છે અને દંડ સ્વરૂપે કુલ વીસ લાખ ત્રેવીસ હજાર આઠસો રૂપિયાની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે.

કારણ કે તપાસ દરમિયાન મુખ્યત્વે વજનમાં ઓછું આપવું વજનકાંટાનું ફેરચકાસણી કે મુદ્રાંકન ન કરાવવું પીસીઆર નિયમો હેઠળ ઉત્પાદક પેકર રજીસ્ટ્રેશન ન કરાવવું તેમજ એમઆરપી કરતાં વધુ ભાવ વસૂલવા જેવી ગેરરીતિઓ મોટા પ્રમાણમાં સામે આવી હતી જેમાં ચકાસણી મુદ્રાંકન અથવા ફેર ચકાસણી મુદ્રાંકન ન કરાવવા બાબતના પાંચસો પંદર કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી છ લાખ એકસઠ હજાર ત્રણસો રૂપિયા વસૂલ કરાયા છે અને તે જ રીતે પેકર રજીસ્ટ્રેશન ન કરાવવા બાબતના ઓગણસિત્તેર કેસમાંથી પાંચ લાખ આઠ હજાર રૂપિયા તેમજ અન્ય પ્રકારની ગેરરીતિના એકસાઠ કેસમાંથી ત્રણ લાખ છતાળીસ હજાર પાંચસો રૂપિયા તથા વજન કે માપ ઓછું આપવું બાબતના પંચાણું કેસમાંથી ત્રણ લાખ તેર હજાર રૂપિયા અને એમઆરપી કરતા વધુ ભાવ વસૂલવા કે ચેકચાક કરવા બાબતના છત્રીસ કેસમાંથી એક લાખ પંચાણું હજાર રૂપિયાની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે અને આ ઝુંબેશના માધ્યમથી બજારોમાં ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અટકાવવા માટે પ્રશાસન દ્વારા એક સ્પષ્ટ અને મક્કમ સંદેશ આપવામાં આવ્યો છે.

સરકારી તિજોરી છલકાઈ

રિયલ એસ્ટેટ બજારમાં તેજીનો તોખાર

ઓક્ટોબરમાં રાજકોટમાં વેચાઈ ૧૪ હજારથી વધુ મિલકતો! : ૮૪ કરોડથી વધુની આવક

રાજકોટ, તા. ૩

સોનાના સળંગ સૂરજ ઉગ્યો હોય તેમ આસો માસની શુકનવંતી ઋતુમાં જમીન, મકાન અને વાહનોની ખરીદીનો ભારે ધમધમાટ જોવા મળ્યો છે, જેના કારણે સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર ગણાતું રાજકોટ રિયલ એસ્ટેટ ક્ષેત્રે ફરી એકવાર આશાસ્પદ મોખરે આવીને ઊભું રહ્યું છે. વિતેલા ઓક્ટોબર માસ દરમિયાન રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લામાં મિલકતોના વેચાણ અને દસ્તાવેજોના રજીસ્ટ્રેશનની કામગીરીએ રેકોર્ડબ્રેક વેગ પકડ્યો છે. આસો મહિનાના શુભ દિવસોમાં મિલકત ખરીદવાની પ્રાચીન પરંપરા અને લોકમાન્યતાને કારણે પ્રોપર્ટી બજારમાં અણધાર્યો ઉછાળો નોંધાયો છે, જેના પરિણામે સમગ્ર ઓક્ટોબર દરમિયાન શહેર અને જિલ્લાની કુલ ૧૮ સબ રજીસ્ટ્રાર કચેરીઓ ખાતે ૧૪,૦૯૧ જેટલી મિલકતોના વેચાણ દસ્તાવેજોનું રજીસ્ટ્રેશન પૂર્ણ થવા પામ્યું છે. આ વ્યાપક દસ્તાવેજીકરણ અને મિલકત લે-વેચની કામગીરી થકી રાજ્ય સરકારની તિજોરી પણ છલકાઈ ગઈ છે, જેમાં દસ્તાવેજ નોંધણી ફી પેટે રૂા. ૧૧,૫૪,૮૪,૬૧૧ અને સ્ટેમ્પ ડ્યુટી પેટે રૂા. ૭૨,૩૭,૫૨,૫૫૩ મળીને કુલ રૂા. ૮૪,૩૩,૭૧,૮૪૦ એટલે કે આશરે ૮૪.૩૨ કરોડ રૂપિયાથી વધુની જંગી મહેસૂલી આવક થવા પામી છે.



આંકડાકીય સરખામણી કરીએ તો અગાઉના સપ્ટેમ્બર માસની તુલનાએ ઓક્ટોબર માસ દરમિયાન રજીસ્ટ્રાર કચેરીઓમાં ૧,૫૪૭ જેટલા વધુ દસ્તાવેજોની નોંધણી નોંધાઈ છે, જે એસ્ટેટ બજારમાં સળંગ વધી રહેલા ગ્રાહકોના વિશ્વાસ અને રોકાણની મજબૂત સ્થિતિની સ્પષ્ટ સાક્ષી પૂરે છે. જો રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોના ગ્રાઉન્ડ રિપોર્ટ પર નજર કરીએ તો મોરબી રોડ વિસ્તાર પ્રોપર્ટી ખરીદદારો અને રોકાણકારો માટે હોટફેવરિટ અને એવરગ્રીન સાબિત થયો છે. મોરબી રોડ પંથકમાં એક જ મહિનામાં સૌથી વધુ ૨,૦૧૮ મિલકતોનું વેચાણ નોંધાયું છે, અને આ વિસ્તાર સંબંધિત સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં જ રજીસ્ટ્રેશન ફીના રૂા. ૧,૪૧,૦૨,૧૩૫ તેમજ સ્ટેમ્પ ડ્યુટીના રૂા. ૮,૨૧,૨૩,૩૨૧ મળીને સરકારી તિજોરીમાં બહુ મોટો હિસ્સો જમા થયો છે.

શહેરના અન્ય વિકસતા વિસ્તારોમાં પણ મિલકતોની વેચાણ પ્રક્રિયા ખુબ વેગવંતી રહી છે. ઓક્ટોબર દરમિયાન મવડી વિસ્તારમાં ૧,૩૦૫ મિલકતો, રતનપર વિસ્તારમાં ૧,૧૦૮ મિલકતો, મવા વિસ્તારમાં ૯૯૪ મિલકતો, રૈયા વિસ્તારમાં ૯૮૪ મિલકતો, કોઠારીયા શહેરી વિસ્તારમાં ૯૦૦ મિલકતો, રાજકોટ રૂરલમાં ૮૩૦ મિલકતો અને રાજકોટ-૧ વિસ્તારમાં ૮૧૫ મિલકતોનું વેચાણ થતા તેના દસ્તાવેજો કચેરીએ સફળતાપૂર્વક રજીસ્ટર થયા છે.

શહેરી હદ ઉપરાંત રાજકોટ જિલ્લાના ગ્રામ્ય અને તાલુકા મથકોમાં પણ જમીન-મકાનની વેચવાલી અને ખરીદીનો માહોલ ખૂબ જ ઉત્સાહજનક રહ્યો છે. જિલ્લાના વિવિધ વિસ્તારો પૈકી ગોંડલમાં સૌથી વધુ ૧,૩૦૬ મિલકતોના દસ્તાવેજો નોંધાયા છે. જ્યારે લોધીકામાં ૯૬૮, જેતપુરમાં ૭૧૦, કોઠારીયા ગ્રામ્યમાં ૫૫૬, જસદણમાં ૩૯૧, ઉપલેટામાં ૩૭૭, પડધરીમાં ૩૨૮, ધોરાજીમાં ૨૮૨, વિછીયામાં ૧૨૩ અને જામકંડોરણા પંથકમાં ૯૬ મિલકતોનું નોંધણી કાર્ય સંપન્ન થયું છે. આમ, રાજકોટ શહેર અને જિલ્લાની તમામ ૧૮ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં એક સાથે ૧૪,૦૯૧ મિલકતોની ખરીદ-વેચાણ પ્રક્રિયા પૂર્ણ થતાં અને સરકારને કુલ ૮૪.૩૨ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરાવી આપતાં, એ વાત નિશ્ચિતપણે સાબિત થાય છે કે રાજકોટ ક્ષેત્ર ફરી એકવાર રિયલ એસ્ટેટ ઉદ્યોગનું મુખ્ય ધબકતું કેન્દ્ર બની ચૂક્યું છે અને વિતેલા માસથી એસ્ટેટ માર્કેટની ગાડી પૂરપાટ ઝડપે દોડવા લાગી છે.

દિવાળી ટાણે મ્યુનિસિપલ તંત્ર આકરા પાણીએ

મિઠાઈ-નમકીનમાં ભેળસેળનો ખેલ નહીં ચાલે

૧૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ : ૨૭ પેઢીઓ પર સપાટોઃ ૧૪ સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા, મનપાએ ફટકાર્યો દંડ





રાજકોટ, તા. ૩

દિવાળીના તહેવારો ટાણે ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરી ખાદ્યપદાર્થોમાં બેફામ ભેળસેળ અને ગંદકી આચરતા તત્વો સામે મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખાએ લાલ આંખ કરીને શહેરભરમાં સઘન ચેકીંગ ડ્રાઈવ શરૂ કરી છે જેના ભાગરૂપે તંત્રે એક જ ઝાટકે અલગ-અલગ વિસ્તારોમાં ધમધમતી અસંખ્ય પેઢીઓ પર ઓચિંતા દરોડા પાડીને હાહાકાર મચાવી દીધો છે અને તહેવારોની મોસમમાં જ પ્રજાના આરોગ્ય સામે જોખમ ઉભું કરતા અખાદ્ય તથા વાસી જથ્થાને સળગાવીને કે નાશ કરીને કડક કાર્યવાહીનો સ્પષ્ટ સંદેશો પાઠવ્યો છે.

તપાસની આ સઘન કાર્યવાહી દરમિયાન અલગ-અલગ જગ્યાઓથી અઢાર કિલો જેટલો અખાદ્ય, વાસી, બગડેલો અને એક્સપાયર્ડ જથ્થો પકડી પાડીને સ્થળ પર જ તેનો નાશ કરવામાં આવ્યો હતો એટલું જ નહીં પરંતુ સાત જેટલી પેઢીઓને સ્ટોરેજની અયોગ્ય પદ્ધતિ, લાયસન્સના અભાવ અને હાઈજેનિક કન્ડિશનના ધજાગરા ઉડાડવા બદલ સખત નોટિસ ફટકારવામાં આવી હતી અને વહીવટી ચાર્જ પેટે સાત હજાર પાંચસો રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો જ્યારે ખાદ્યપદાર્થોની અસલિયત અને ગુણવત્તા ચકાસવા માટે ચૌદ જેટલા મહત્વના નમૂનાઓ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

ભેળસેળ વિરોધી આ ડ્રાઈવના ભાગરૂપે કોઠારીયા રોડ પર કેદાર સોસાયટી ગેઇટ સામે આવેલા ભગવતી ફૂડ ઝોનમાં તપાસ કરતા ત્યાંથી મન્ચુરીયન, પનીર અને બટેટા સહિતનો દસ કિલો જેટલો શંકાસ્પદ માલ મળી આવ્યો હતો જ્યારે નંદા હોલ સામે આવેલા ધ કાઠીયાવાડી ચુલોમાંથી તૈયાર શાક અને સંભારો સહિત આઠ કિલો જેટલો વાસી અને ખાવાલાયક ન હોય તેવો જથ્થો મળી આવતા તંત્રે બંને પેઢીઓને સ્થળ પર જ નોટિસ ફટકારી હતી અને એક-એક હજાર રૂપિયાનો દંડ વસૂલ્યો હતો.

આટલું જ નહીં પરંતુ શહેરમાં અન્યત્ર પણ ફૂડ વિભાગની ટીમોએ ત્રાટકીને પેડક રોડ પર ચંપકનગર-શ્રેણીમાં આવેલ એપેક્ષ ટ્રેડર્સમાંથી અંજીરના સેમ્પલ લીધા હતા તો જશ ડ્રાયફ્રુટસ અને આલમંડ તેમજ કુવાડવા રોડ પર મારૂતિનગરના રઘુવીર ટ્રેડીંગમાંથી રઘુવીર ડ્રાયફ્રુટ મુખવાસના નમૂના લેવાયા હતા જ્યારે ગોકુલ એજન્સીમાંથી બંસી પપૈયા મુરબ્બા એટલે કે ટુટીફ્રુટીનું સેમ્પલ લેવામાં આવ્યું હતું અને પરાબજારમાં બે રઘુવીરપરામાં આવેલા સાગર ફ્રુટસમાંથી કાજુ ફાડા તથા કાળી દ્રાક્ષના સેમ્પલ એકત્રિત કરવામાં આવ્યા હતા.

ખાદ્ય સુરક્ષાના આ વ્યાપક અભિયાન અંતર્ગત સોરઠીયાવાડી સર્કલ પાસે આવેલા શ્રી અશોક વિજય ડેરી ફાર્મમાંથી બટર વેનીલા પેંડા અને મલાઇ કટ મીઠાઇના નમૂના લેવાયા હતા તેમજ પરાબજાર મેઈન રોડ અને જયુબેલી બાગ રોડ પર આવેલા ભગવતી ઇન્ટરનેશનલમાંથી રોસ્ટેડ પેપર ડ્રાયફ્રુટ અને કીસમીસના સેમ્પલ લેવાયા હતા અને સરદારનગર મેઈન રોડ પર હિરાર્થ નમકીન એન્ડ ડ્રાયફ્રુટસમાંથી મિકસ ડ્રાયફ્રુટ બોલ તથા કુકીસના સેમ્પલ લેવામાં આવ્યા હતા તથા કોટેચાનગર મેઈન રોડ પર શ્રી રામ શીંગ એન્ડ નમકીનમાંથી કીસમીસ અને ગુલકંદના સેમ્પલ લઈને પૃથ્થકરણ માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા છે.

આ ઉપરાંત મવડી વિસ્તારની નંદનવન રેસીડેન્સીમાં આવેલી દામોદર ડેરીને મીઠાઈ પર યુઝ બાય ડેટ દર્શાવવા બાબતે અને લાયસન્સના નિયમોના ભંગ બદલ નોટિસ આપીને રૂપિયા એક હજારનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો તો બીજી બાજુ રૈયા રોડ પર તિરૂપતિનગર-પાંચમાં આવેલ જલારામ ખમણ હાઉસ, લક્ષ્મીનારાયણ સેલ્સ એજન્સી, જલારામ ફરસાણ, ગાંધીગ્રામ એસ.કે. ચોક પાસે આવેલ જય બાલાજી ફૂડ પ્રોડકટસ, ગીરીરાજ હોસ્પિટલથી જગન્નાથ ચોક તરફની શ્રી શકિત હોટલ, જય સરપંચ ચા, ક્રિષ્ના શોપ, જય માતાજી રેસ્ટોરન્ટ અને શ્યામ કલીનીક સહિતના સ્થળોએ ફૂડ લાયસન્સ બાબતે કડક સૂચનાઓ અને નોટિસો આપીને પ્રત્યેક સ્થળેથી પાંચસો-પાંચસો રૂપિયાનો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે જેના કારણે દિવાળીના પર્વ ટાણે નફાખોરીની લ્હાયમાં ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા આ તમામ વેપારીઓમાં ભારે ફફડાટ અને સન્નાટો છવાઈ ગયો છે.

ઓનલાઈન ઓફલાઈન

વ્યાપાર જગતનના બદલાતા પ્રવાહો : વિષય જંગનો નથી, વૈવિધ્ય ગણાય



દિપાવલીના તહેવારની ધૂમ મચી છે. માર્કેટ ગરમ થઈ રહી છે. ઘણાં સ્થાનો પર વેપારીઓની ભૂમ ઉઠી છે કે, ઓનલાઈન વેપારના કારણે પરંપરાગત દૂકાનોમાં ઘરાકી નોંધપાત્ર ઘટી છે. આ વાત સાચી હશે, પણ માર્કેટના બદલાતા પ્રવાહોને કોઇ રોકી ન શકે. દૂકાન, ફેરિયા, મોલ, ઓનલાઇન..વગેરે છે. આ જંગનો વિષય નથી, માર્કેટનું વૈવિધ્ય છે. વેપારના દરેક પ્રવાહની વિશેષતા અને મર્યાદા છે.

પરંપરાગત વ્યાપારીએ પોતાની વિશેષતા ઉજાગર કરીને તેનો પ્રચાર કરવો પડશે.

સમય બદલાય છે તેમ ગ્રાહકોની ખરીદીની રીતો બદલાય છે. ટેકનોલોજીએ જીવન સરળ કર્યું છે. ઓનલાઈન શોપિંગથી ઘેર બેઠા ચીજવસ્તુઓ મળી જાય છે. આ સામે પરંપરાગત દુકાનોનું મહત્ત્વ ક્યારેય ઓછું નહીં થાય. રૂબરૂ ખરીદીનો આનંદ અલગ જ હોય છે.

દરેક માધ્યમની પોતાની મર્યાદા છે. ઓનલાઈન ખરીદીમાં ક્યારેક અપેક્ષા મુજબની વસ્તુ ન પણ મળે. જ્યારે રૂબરૂ ખરીદીમાં સંતોષ મળે છે. ફેરિયાઓથી લઈને મોટા મોલ અને ડિજિટલ પ્લેટફોર્મ્સ, આ બધું જ વ્યાપારનું વૈવિધ્ય છે. તેને હરીફાઈ ન ગણવી જોઈએ. ગ્રાહક પાસે હવે અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. આ બદલાતા સમયમાં પરંપરાગત વેપારીઓએ નિરાશ થવાની કોઈ જરૂર નથી. તેમણે પોતાની ખાસિયતો ઓળખવી પડશે. ગ્રાહકો સાથેનો વ્યક્તિગત સંબંધ, વિશ્વાસ અને તાત્કાલિક સેવા એ પરંપરાગત દુકાનોની અસલી તાકાત છે. વેપારીઓએ આ વિશેષતાઓને ઉજાગર કરવી પડશે. તેનો યોગ્ય પ્રચાર કરીને ગ્રાહકોને ફરી આકર્ષવા પડશે. સમય સાથે બદલાઈને ડિજિટલ માધ્યમોનો સહારો લેવો પણ જરૂરી છે.

વ્યાપાર માત્ર નફો નથી, પણ વિશ્વાસનો સેતુ છે. જ્યારે દુકાનદાર અને ગ્રાહકનો સંબંધ મજબૂત બને છે, ત્યારે કોઈ પણ નવો પ્રવાહ તેને હલાવી શકતો નથી. આ દિપાવલીએ વેપારીઓએ પરંપરા અને આધુનિકતાનો સુમેળ સાધીને આગળ વધવું જોઈએ. આ વૈવિધ્ય જ ખરી પ્રગતિની ચાવી છે.

માછલી બજારમાં ફેરવાઈ જતી કોર્ટ : ચીફ જસ્ટીસ

CJIએ વકીલો પર શાબ્દિક પ્રહાર કર્યા : દિલ્હીમાં સીઈસી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ થયેલા વિરોધ પ્રદર્શન સંબંધિત અરજી પર સુપ્રીમમાં સુનાવણી



નવીદિલ્હી, તા. ૩

દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ઓક્ટોબરમાં થયેલા વિરોધ પ્રદર્શન સંબંધિત અરજીઓની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે વિરોધ સ્થળો પર અનિશ્ચિત સમય માટે કબજો કરવા અંગે મહત્વપૂર્ણ અવલોકનો કર્યા. કોર્ટે જણાવ્યું હતું કે કોઈપણ વિરોધ જૂથ એક જ સ્થળ પર કાયમી કબજો કરી શકે નહીં. અન્ય સંગઠનો અને વ્યક્તિઓને પણ તેમની માંગણીઓ ઉઠાવવા માટે વિરોધ કરવાનો અધિકાર છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે વિરોધ કરવાનો અધિકાર બંધારણીય અધિકાર છે, પરંતુ વ્યવસાય કરવાનો અને રોજીરોટી કમાવવાનો અધિકાર પણ એટલો જ મહત્વપૂર્ણ છે. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે વિરોધ પ્રદર્શનોને કારણે દૈનિક વેતન મેળવનારા મજૂરો કેવી રીતે પોતાનું ગુજરાન ચલાવશે. સુનાવણી દરમિયાન, બેન્ચમાં ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહના પણ સામેલ હતા.

CJI સૂર્યકાંતે વકીલોના સતત ઝઘડા પર નારાજગી વ્યક્ત કરી અને કહ્યું, ''તમે કોર્ટને માછલી બજારમાં ફેરવી દીધી છે... શું તમને ખબર નથી કે કોર્ટરૂમમાં કેવી રીતે વર્તવું અને શિષ્ટાચાર શું છે?'' સુનાવણી દરમિયાન, CJI ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે વિરોધ સ્થળ પર કાયમી કબજો કરી શકાતો નથી. અન્ય પ્રદર્શનકારીઓને પણ ત્યાં જગ્યા હોવી જોઈએ. તેમણે પ્રશ્ન કર્યો હતો કે ખેડૂતો, મજૂરો, ટ્રેડ યુનિયનો અને બેઘર લોકો ક્યાં જશે. દરેકને વિરોધ કરવાનો અધિકાર છે. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે વિરોધ સ્થળનો ઉપયોગ ચોક્કસ સમયગાળા સુધી મર્યાદિત હોવો જોઈએ, જેથી અન્ય જૂથો તેમની માંગણીઓ ઉઠાવવા માટે જગ્યાનો ઉપયોગ કરી શકે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે એક સંગઠનને બીજા સંગઠનોને ફક્ત એટલા માટે વિરોધ કરતા અટકાવવાનો અધિકાર નથી કારણ કે તેણે સ્થળ પર પહેલેથી જ કબજો કરી લીધો છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે તેણે તપાસ કરવી જોઈએ કે વિરોધને સમય કેમ નકારવામાં આવી રહ્યો છે, ભલે અન્ય જૂથો પણ તેમની પોતાની માંગણીઓ માટે વિરોધ કરવા માંગતા હોય. વિરોધ માટે એક કે બે સ્થાનો હોઈ શકે છે, પરંતુ કોઈ એક જૂથ તેમના પર કાયમી નિયંત્રણ રાખી શકતું નથી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે વિરોધને કારણે દૈનિક વેતન મજૂરોને થતા નુકસાનનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. CJI જસ્ટિસ સૂર્યકાન્તે જણાવ્યું હતું કે બે અધિકારો વચ્ચે સંઘર્ષ છેઃ એક તરફ, વિરોધ કરવાનો બંધારણીય અધિકાર છે, અને બીજી તરફ, વેપાર અને વ્યવસાય કરવાનો અધિકાર છે. CJIએ સ્પષ્ટતા કરી હતી કે કોર્ટ ફક્ત વ્યવસાયિક સંસ્થાઓને થતા નુકસાન વિશે જ નહીં, પરંતુ તે લોકોની આજીવિકા વિશે પણ વાત કરી રહી છે જેઓ પોતાને અને તેમના પરિવારોને ગુજરાન ચલાવવા માટે દરરોજ કામ કરે છે.

સુનાવણી દરમિયાન, વેપારીઓનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ વિરોધ પ્રદર્શનોને કારણે થયેલા વ્યાપારિક નુકસાનનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે દાવો કર્યો કે વિરોધ પ્રદર્શનોને કારણે વેપારીઓને આશરે ₹૨,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. રોહતગીએ ધ્યાન દોર્યું કે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન માટે નિયુક્ત રામલીલા મેદાન કનોટ પ્લેસથી લગભગ એક માઈલ દૂર છે. આસફ અલી રોડ, દરિયાગંજ, તુર્કમાન ગેટ અને કમલા માર્કેટ જેવા મુખ્ય બજારો તેની આસપાસ છે. તેમણે કહ્યું કે આ સમગ્ર વિસ્તાર લાખો લોકોનું ઘર છે અને મોટી સંખ્યામાં જથ્થાબંધ બજારો અને વ્યાપારિક પ્રવૃત્તિઓનું ઘર છે.

છેતરપિંડી માટે મારો ઉપયોગ થયો

નેશનલ કોન્ફરન્સમાંથી રાજીનામું આપ્યા પછી, આગા સૈયદ રુહુલ્લાહે ફારુક અને ઓમર અબ્દુલ્લા પર પ્રહારો કર્યા



નવીદિલ્હી, તા. ૩

જમ્મુ અને કાશ્મીરના રાજકારણમાં નેશનલ કોન્ફરન્સમાં ચાલી રહેલી નારાજગી હવે ખુલ્લી પડી રહી છે. પાર્ટીમાંથી રાજીનામું આપ્યા પછી, સાંસદ આગા સૈયદ રુહુલ્લાહ મેહદીએ ઓમર અબ્દુલ્લા અને ફારુક અબ્દુલ્લા પર આકરા પ્રહારો કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે નેશનલ કોન્ફરન્સે તેમનો ઉપયોગ લોકોને છેતરવા માટે કર્યો. રુહુલ્લાહે કહ્યું કે તેઓ રાજકારણમાંથી ખસી રહ્યા છે, પરંતુ પાર્ટીના નેતાઓએ તેમને ફરીથી રાજકારણમાં ખેંચી લીધા. હવે, જ્યારે પાર્ટીએ પોતાના વચનો પાળવા પડ્યા, ત્યારે તે તેમ કરવામાં નિષ્ફળ ગઈ. પોતાના સંબોધનમાં, રુહુલ્લાહે કહ્યું કે તેમની સાથે અન્યાય થયો છે. તેમને લોકો સમક્ષ વિશ્વાસના વ્યક્તિ તરીકે રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ તે વિશ્વાસ પાછળથી તૂટી ગયો. તેમણે કહ્યું કે નેશનલ કોન્ફરન્સના નેતાઓએ તેમનો ઉપયોગ કર્યો અને લોકોને છેતરવા માટે તેમને આગળ ધકેલી દીધા. તેમના મતે, જો આ પાર્ટીનું અંતિમ લક્ષ્ય હતું, તો તેમને રાજકારણમાં પ્રવેશવાની જરૂર કેમ પડી?

પોતાના રાજીનામા અંગે, આગા સૈયદ રુહુલ્લાહ મેહદીએ કહ્યું કે સામાન્ય રીતે, જ્યારે કોઈ નેતા સત્તા ગુમાવે છે, ત્યારે દુઃખ અને નિરાશાનું વાતાવરણ હોય છે, પરંતુ તેમના કિસ્સામાં આવું નથી. તેમણે કહ્યું કે રાજીનામું આપ્યા પછી તેઓ રાહત અનુભવે છે. આ નિવેદનને નેશનલ કોન્ફરન્સના નેતૃત્વ પ્રત્યે તેમની નારાજગીના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. તેમણે સત્તા અને આદર વચ્ચેનો તફાવત સમજાવતા પાર્ટી નેતૃત્વ પર પણ નિશાન સાધ્યું. રુહુલ્લાહે કહ્યું કે સત્તામાં હોવાનો અર્થ એ નથી કે વ્યક્તિને જાહેર સન્માન મળે. તેમના મતે, પાર્ટી નેતૃત્વ દ્વારા સંભાળવામાં આવતી સિસ્ટમ અને પદમાં નિરાશા છે, અને જનતામાં પણ નિરાશા છે. તેમણે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને પણ પડકાર ફેંક્યો અને કહ્યું કે તેમણે આવીને જોવું જોઈએ કે ખરેખર કોણ આદર આપે છે.

ભાજપના વરિષ્ઠ નેતા રવિન્દર રૈનાએ પણ આગા સૈયદ રુહુલ્લાહ મેહદીના રાજીનામા અને નેશનલ કોન્ફરન્સમાં વધી રહેલા અસંતોષ પર પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે ભાજપનો આ સમગ્ર ઘટના સાથે કોઈ સંબંધ નથી અને તે નેશનલ કોન્ફરન્સનો સંપૂર્ણ આંતરિક મામલો છે. રવિન્દર રૈનાએ કહ્યું કે રુહુલ્લાહનું રાજીનામું નેશનલ કોન્ફરન્સ માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે. તેમણે ઉમેર્યું કે રુહુલ્લાહ માત્ર એક રાજકારણી જ નહીં પરંતુ એક ધાર્મિક ગુરુ પણ છે, અને મોટી સંખ્યામાં લોકો તેમની સાથે જોડાયેલા છે. આવી સ્થિતિમાં, તેમનું પાર્ટી છોડવાથી ઓમર અબ્દુલ્લા અને ફારુક અબ્દુલ્લા માટે મોટો પડકાર ઉભો થઈ શકે છે. રૈનાએ એમ પણ કહ્યું કે જ્યારે રુહુલ્લાહની નારાજગી સામે આવી છે, ત્યારે પાર્ટીના લગભગ ૨૫ ધારાસભ્યોમાં અસંતોષ હોવાના અહેવાલો પણ છે. તેમના મતે, પાર્ટીમાં આવી પરિસ્થિતિ વિકસવી એ નેશનલ કોન્ફરન્સ અને તેની સરકાર માટે ચિંતાનો વિષય છે. જોકે, તેમણે પુનરોચ્ચાર કર્યો કે આ સમગ્ર મામલામાં ભાજપનો કોઈ હાથ નથી.

ચૂંટણી પ્રક્રિયા સાથે છેડછાડ કરતું કોંગ્રેસ

રામ માધવે ૧૯૮૭નો ઉલ્લેખ કરીને પાર્ટી પર નિશાન સાધ્યું અને નેશનલ કોંગ્રેસમાં આંતરિક ઝઘડા વિશે વાત કરી



નવીદિલ્હી, તા. ૩

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રામ માધવે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ લોકશાહી ચૂંટણીઓ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને હરાવી શકતી નથી, અને તેથી મત ચોરી અને ચૂંટણીમાં છેતરપિંડીનો આરોપ લગાવીને દેશમાં મૂંઝવણ અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે જો કોંગ્રેસ ૫૦,૦૦૦ લોકોને ભેગા કરી શકે છે અને દેશમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી શકે છે, તો ભાજપ ૫૦૦,૦૦૦ ગામડાઓમાં પણ જશે અને ૧ અબજ લોકોને કહેશે કે કોંગ્રેસ લોકશાહી માટે સૌથી મોટો ખતરો છે. જમ્મુમાં એક પત્રકાર પરિષદ દરમિયાન, રામ માધવે દિલ્હીના રામલીલા મેદાનમાં કોંગ્રેસ અને વિપક્ષી પક્ષો દ્વારા આયોજિત રેલી પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે રેલીમાં ૧૦ લાખ લોકો આકર્ષાયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ તેમના અંદાજ મુજબ, ત્યાં ૫૦,૦૦૦ થી વધુ લોકો નહોતા. તેમણે કહ્યું કે ૨૩ વિપક્ષી પક્ષો પણ એકસાથે આટલી ભીડ એકઠી કરી શકતા નથી; જમ્મુના એક વિધાનસભા મતવિસ્તારમાં ૫,૦૦૦ લોકો ભાજપની રેલીમાં હાજરી આપે છે.

રામ માધવે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ છેલ્લા ઘણા મહિનાઓથી ચૂંટણી પંચ અને દેશની ચૂંટણી પ્રણાલી પર નિશાન સાધી રહી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ સરકાર પર મતદાર યાદીમાંથી આશરે ૧૩૦ મિલિયન મતદારોના નામ દૂર કરવાનો આરોપ લગાવી રહી છે, પરંતુ હજુ સુધી એવા કોઈને પણ આગળ લાવ્યા નથી જેમનો મત ખોટી રીતે કાઢી નાખવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે દેશમાં દર વર્ષે મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામે છે અને લાખો લોકો તેમના રહેઠાણ બદલે છે. તેથી, મતદાર યાદીમાં સુધારો કરવો જરૂરી છે. મતદાર યાદીના મુદ્દા પર રોહિંગ્યા ઘુસણખોરોનો ઉલ્લેખ કરતા, ભાજપ નેતાએ કોંગ્રેસ પાર્ટી પર પ્રશ્ન ઉઠાવ્યો કે શું તે ઇચ્છે છે કે ભારતમાં રહેતા ગેરકાયદેસર ઘુસણખોરોને પણ મતદાનનો અધિકાર મળે. તેમણે કહ્યું કે મૃત મતદારો, સ્થળાંતર કરનારા મતદારો અને જીંછ દ્વારા નકલી નામો દૂર કરવાની પ્રક્રિયા લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે જરૂરી છે.

કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા રામ માધવે ઇન્દિરા ગાંધીની ચૂંટણી અને ૧૯૮૭ની જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીનો ચૂંટણી પ્રક્રિયા સાથે છેડછાડ કરવાનો ઇતિહાસ રહ્યો છે. ૧૯૮૭માં ફારુક અબ્દુલ્લા અને રાજીવ ગાંધી વચ્ચેના જોડાણ દરમિયાન થયેલી વિધાનસભા ચૂંટણીમાં ગોટાળાના આરોપોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદના ઉદય તરફ દોરી જતી પરિસ્થિતિઓ તે ચૂંટણી પછી સર્જાઈ હતી. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે કોંગ્રેસના આરોપોને રાજકીય ષડયંત્ર પણ ગણાવ્યા. રામ માધવે પ્રશ્ન કર્યો કે જ્યારે કોંગ્રેસ અગાઉ ઘણી ચૂંટણીઓ હારી ગઈ હતી ત્યારે જ્ઞાનેશ કુમાર મુખ્ય ચૂંટણી કમિશનર કેમ ન હતા. આવી સ્થિતિમાં કોંગ્રેસે પોતાની હાર માટે કોને જવાબદાર ઠેરવ્યા? તેમણે કહ્યું કે ચૂંટણી સંસ્થાઓ પર સતત સવાલ ઉઠાવીને, લોકશાહીમાં લોકોના વિશ્વાસને નબળો પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સમાં ચાલી રહેલા રાજકીય ઉથલપાથલ અને સાંસદ આગા સૈયદ રુહુલ્લાહ મેહદીના રાજીનામા અંગે રામ માધવે કહ્યું કે નેશનલ કોન્ફરન્સ હવે બધાની સામે તૂટી પડતી જોવા મળી રહી છે. તેમણે કહ્યું કે આપણા પોતાના લોકોના અપાર આશીર્વાદથી જ રુહુલ્લાહ મેહદી આજે પોતાની બીજી રેલી કરી રહ્યા છે. જોકે, તેમણે નેશનલ કોન્ફરન્સના આંતરિક વિવાદ પર વધુ ટિપ્પણી કરવાનો ઇનકાર કરતા કહ્યું કે પાર્ટીમાં જે કંઈ પણ થઈ રહ્યું છે તે તેમનો આંતરિક મામલો છે અને તેઓ તેના પર કોઈ ટિપ્પણી કરશે નહીં.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

લક્ષ્મીજીની કૃપા

નિતી અને ઈમાનદાર ને કારણે વસુધાની દિવાળી સુધરી ગઈ!



દિવાળીનો તહેવાર સાવ નજીક છે, અને ધનવાનો ને તો જાણે રુપિયા વાપરવાનો મોકો મળ્યો હોય એમ પાણીની જેમ વહાવે છે! પણ ભારતીય સમાજની એક કડવી વાસ્તવિકતા એ છે ૬૦% ઉપરની વસ્તી મિડલ ક્લાસમાં આવે છે અને તહેવારો આવે એટલે મન તો દરેક વર્ગના લોકોને થાય જ છે! કારણ કે મન તો બધાનાં સરખી જ ગતિ કરે છે, અને જમાનાની હવા તો સર્વત્ર ફેલાયેલી છે! અને એટલે કોઈ કોઈ શોખ કે ઈચ્છાથી નિતી ચૂકી જાય પણ બધાં એવાં નથી હોતાં એવો એક કિસ્સો.

વસુધા અને વિનય બંને એક સાવ સામાન્ય સ્થિતિનાં પણ સંતોષી દંપતી હતાં. દર આઠ દસ મહિના થાય એટલે ઘર બદલવું પડતું હોવાથી વસુધા ને પોતાનું ઘરનું ઘર કરવું હતું, એ માટે એ ખૂબ જ મહેનત કરતી હતી, અને લક્ષ્મીજી ને પ્રાર્થના કરતી હતી કે હે મહાલક્ષ્મી અમે સાવ સીધાસાદા અને સંસ્કારી અને સત્ય ઈમાનદારી ના માર્ગે ચાલવા વાળા છીએ ! છતાં તું કેમ અમારી સામે નથી જોતી! ,પણ આવકમાં ફેર પડતો નહોતો અને એમ ઘર થોડું આવે! વિનય જૂની જમીન જાયદાદનો એક કેસમાં પોતાને સારી એવી રકમ મળશે, અને પછી પોતે ઘર લેશે અને બાળક પણ કરશે, એવી વિનયની ઈચ્છા હતી. કુદરતનું કરવું અને વિનય એ કેસ હારી ગયો, વકીલને ફી ચૂકવવામાં, આજીવિકાનું સાધન સમી નાનકડી એવી દુકાન હતી, એ પણ કાઢી નાખવી પડી. વિનય હવે શેરીએ શેરીએ લારીમાં ફેરી કરતો હતો જ્યારે વસુધા શેમ્પૂ, હેન્ડ વોશ, સેનેટરી પેડ, વગેરે જે જે વસ્તુઓનું માર્કેટિંગ કરવાનું હોય એવી કંપનીમાં રોજ ઉપર કામ કરતી હતી, આમ બંનેનો સંસાર ચાલ્યો જતો હતો.

વસુધાએ વિનયને કહ્યું કે દીવાળી આવે છે, એટલે તમારે પણ થોડી આવક થઈ છે, અને મારે પણ થઈ છે, તો આ વખતે એ બચતમાંથી કંઈક કરીને પ્લાનિંગ કરીને મંગળસૂત્ર લેવું છે.

આવતી કાલથી ધન તેરસ એમ તહેવાર શરૂ થશે! અને આજે વસુધા એની ચાર પાંચ ફ્રેન્ડ સાથે, એક દૂરની સોસાયટીમાં કંપનીની પ્રોડક્ટ વેંચવા ગઈ હતી. બધા પસાર થતાં હતાં ત્યાં એક ઝાડ નીચે એક ઘરડા ડોશીમા બેઠાં હતાં અને એ ખાવાનું માંગતાં હતા! બાકીની ફ્રેન્ડ હસી મજાક કરતી ત્યાંથી પસાર થઈ ગઈ, પરંતુ વસુધાના પગ જમીન પર જડાઈ ગયાં, અને એને એ ઘરડા ડોશીમા ને જોઈ પોતાનું કોઈ સ્વજન હોય એવી લાગણી થઈ, આજનુ ટિફિન આમપણ ખવાયુ નહોતું એટલે એણે પોતાનો ડબ્બો કાઢ્યો, અને એ ડોશીમાને આપતા કહ્યું મા બહુ વધારે તો નથી, પણ જેટલું છે, એટલું તમે આજે ખાઈ લ્યો!; આમ તો થોડી મિનિટનો જ ફેર પડ્યો હશે, પરંતુ વસુધાની બધી ફ્રેન્ડ કંઈ બાજુ ગઈ! એનો ખ્યાલ એને આવતો જ નહોતો! થોડીવાર ઊભી રહ્યાં, પછી એ જમણી બાજુ ચાલવા લાગી. એ રસ્તો થોડો એકાંત વાળો હતો, પરંતુ સામે એક મોટી સોસાયટી દેખાતી હતી, અને વસુધાને આશા હતી, કે અહીં એને ઘણાં ઘરાક મળશે. વસુધા થોડુંક ચાલી ત્યાં એને એક પર્સ મળ્યું! એને થયું લઉં કે ન લઉં! પછી તરત જ વિચાર આવ્યો કે હું નહીં લઉં તો કોઈક બીજું લઈ લેશે, એટલે એણે એ પર્સ લઈ લીધું, અને કદાચ ને કોઈ શોધવા આવે તો એમ વિચારી થોડીવાર ત્યાં ને ત્યાં ઉભી રહી!; પરંતુ લગભગ ૨૦ મિનિટ થઈ છતાં કોઈ આવ્યું નહીં એટલે વસુધાએ આગળ ચાલવાં માંડ્યું! પણ માનવ સહજ કુતુહલ થયું, કે એ પર્સમાં શું હશે! કદાચ ને કોઈ આઈડેન્ટિટી મળી આવે તો, આ પર્સ એનાં સુધી પહોંચાડી દેવું જોઈએ. વસુધાએ પર્સ ખોલ્યું તો એમાં સોનાના દાગીના હતાં, અને ઉપરાંત પચ્ચીસ ત્રીસ હજાર જેવાં રોકડા રૂપિયા પણ હતાં. આટલી હેવી જ્વેલરીને જોઈને વસુધા ને ગભરામણ થઈ! અને થયું કે જ્યાંથી લીધું છે ત્યાં જ પાછું મુકી આઉં! ત્યાં પર્સમાં એને કોઈ આઈડેન્ટિટી કાર્ડ જેવું દેખાયું, એણે જોયું તો કોઈ અરુંધતી અગ્રવાલ નું નામ લખ્યું હતું, અને બીજું કાર્ડ એમાં એનું એડ્રેસનું પણ હતું! જે આ બાજુનો જ એરિયા હતો. એણે આકાશમાં જોયું તો હવે સાંજ ઢળવા આવશે!; એટલે લાંબુ વિચાર્યા વગર ઉબેર કરી લીધી, અને એ એડ્રેસ પર પહોંચી ગઈ! એણે ડોર બેલ વગાડવા હાથ ઉંચો કર્યો! એનું દિલ ધક ધક થતું હતું! અને એમ પણ થતું હતું કે લક્ષ્મી ચાંદલો કરવા આવી છે, ત્યારે હું મોઢું ધોવા જાઉં છું! પર્સ પાછું આપવાં પહેલાં એકવાર વિનય સાથે વાત કરી લઉં! પણ તરત જ એણે કમજોરી પર કાબુ મેળવ્યો, અને ડોર બેલ વગાડી. થોડીવારમાં એક મહિલા એ બારણું ખોલ્યું! એ કોઈ ગંભીર રોગથી પીડાતી હશે, એવું લાગતું હતું! એની વાત સાચી પડી એ તરત જ વોશરૂમ તરફ ગઈ, વસુધા પણ શું થયું! અને મદદનાં ઈરાદાથી એની પાછળ ગઈ, એ મહિલાને લોહીની ઉલટી થઈ! વસુધા એને બહાર સુધી દોરી આવી! અને પુછ્યુ કે હું ૧૦૮ ને ફોન કરું? એણે ના કહી! અને કહ્યું મારી પાસે સમય નથી. વસુધા એ કહ્યું કે આપનું નામ અરુંધતી છે! એણે હકાર માં માથું હલાવ્યું. વસુધાએ પર્સ એની તરફ લંબાવીને કહ્યું કે મને આ પર્સ મળ્યું અને એમાં તમારાં નામનું આઈડેન્ટી કાર્ડ અને એડ્રેસ કાર્ડ પણ હતું એટલે હું આપવા આવી છું! એટલી વારમાં અંદર રુમમાંથી એક બાળકનાં રડવાનો અવાજ આવ્યો! એણે બેબસ નજરે વસુધા સામે જોયું વસુધા અંદર ગઈ, અને એક છ કે આઠ મહિનાની દીકરી રડતી હતી, એણે એને પ્રેમથી ઉચકી લીધી. વસુધા ની સૂતેલી મમતા પણ જાગી ગઈ, અને એણે એને ખૂબ વહાલ કર્યું! એ તેને લઈને બહાર આવી! અરુંધતીએ કહ્યું કે આ મારી દીકરી અનન્યા છે, મારા સિવાય આ દુનિયામાં કોઈ નથી! મને લાગે છે ઈશ્વરે જ તને અહીં મોકલી છે, કારણકે હું હવે જીવીશ નહીં! મારી અંતિમ ઘડી આવી ગઈ છે! વસુધા એ કહ્યું દીદી એવું શું કામ બોલો છો? એણે વિનયને ફોન કર્યો અને આ એડ્રેસ પર આવવાં કહ્યું. થોડીવારમાં વિનય આવી ગયો, અરુંધતીએ ના પાડી પણ એમણે ડોક્ટરને ફોન કર્યો, અને ડોક્ટર આવ્યાં! એમણે કહ્યું કે હવે કંઈ થઈ શકે એમ નથી. અરુંધતી એ વસુધા ને પાસે બેસાડીને કહ્યું કે તે મને દીદી કહ્યું છે, તો તારી દીદી શાંતિથી આ દેહ છોડી શકે! એવું ઈચ્છે છે? તું મારી અનન્યાને દીકરી જેમ ઉછેરીશ? વસુધાએ હાં પાડી. એણે તાત્કાલિક વકીલને બોલાવી અને અનન્યા તથા પોતાનું ઘર અને બધી સંપત્તિ વસુધાને નામે કરી દીધી, અને અનન્યા ને વસુધાનાં ખોળામાં રમતી જોઈ,અરુંધતી એકદમ નિશ્ચિત થઈ ગઈ, અને ભગવાન સામે આભારથી જોઈ, આંખો બંધ કરી દીધી.

વસુધાની ઈમાનદારી એ તેને અને વિનયને જે એક નાના ઘરની અને બાળકની ઈચ્છા હતી, એ પૂરી કરી, અને ઉપરથી એક મંગળસૂત્રની બદલે આટલી સંપત્તિ પણ મળી!: અને આ ધન તેરસે તેને સાચે જ લક્ષ્મીની કૃપા થઇ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

મારામારીની વધુ બે ઘટનાઃ જુની માથાકુટનો ખાર રાખી નવા ડખ્ખા

સ્કૂલ સંચાલકને છરી બતાવી પથ્થરમારો

ચેક રીટર્નના કેસનો ખાર રાખી ડખ્ખોઃ બીજી ઘટનામાં સુતેલા પ્રૌઢને પહેલા જગાડ્યા, પછી નામ પુછ્યું ને પછી ઝીંકી છરી

રાજકોટ, તા. ૩

માથાકુટની બે અલગ અલગ ઘટનામાં જુના નવા મનદુઃખને કારણે બબાલ મચી ગઇ હતી. જેમાં એક કિસ્સામાં સ્કૂલ સંચાલક પર જુની અદાવતનો ખાર રાખી પથ્થરમારો કરી ઈજા પહોંચાડાઇ હતી અને છરી બતાવાઇ હતી. પથ્થરના ઘા થતાં તેને ઈજા થવા સાથે મોબાઇલની સ્ક્રીન પણ તૂટી ગઇ હતી. બીજી ઘટનામાં એક પ્રૌઢ વયના ખેડૂત ઘરની ઓસરીમાં સુતા હતાં ત્યારે વંડી કેંકીને ઘુસેલા શખ્સે તેને જગાડ્યા હતાં પછી નામ પુછીને છરીનો ઘા ઝીંકી દીધો હતો. દેકારો થતાં આ હુમલાખોર ભાગી ગયો હતો. રહસ્યમયી હુમલાખોરને શોધવા પોલીસ કામે લાગી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો કોઠારીયા રોડ મેઘાણીનગરમાં રહેતાં સ્કૂલ સંચાલક યુવાન પર ચેક રીટર્નના કેસ અંગેની અદાવતનો ખાર રાખી ત્રણ શખ્સોએ હુમલો કરી તેનો મોબાઇલ ફોન તોડી નાંખતા અને પથ્થરમારો કરી છરી બતાવી ધમકી આપતાં પોલીસે તપાસ હાથ ધરી અથી. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રોડ હુડકો ચોકી પાસે માનવ ધર્મ આશ્રમ પાછળ મેઘાણીનગર-૧માં જય દ્વારકાધીશ મકાન ખાતે રહેતાં રવિભાઇ દિપકભાઇ ગુજરીયા નામના એકત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી સાત હનુમાન પાછળ પીપળીયા ગામે રહેતાં ઘેલા ગોવિંદભાઇ દાદરેચા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર રવિભાઇ પરિવાર સાથે રહે છે અને ખોખડદડ નદી કાંઠે વેલનાથ પાર્કમાં શ્રી એ.કે. વિદ્યાલય નામની સ્કૂલ ચલાવે છે. ફરિયાદ મુજબ છવ્વીસમીએ સવારના આશરે સાતેક વાગ્યે રવિભાઇ પોતાનું બુલેટ જીજે૦૩કેએલ-૦૧૨૮ લઈને એ.કે. વિદ્યાલય સ્કૂલ ખાતે જઈ રહ્યા હતા. તે દરમિયાન તેઓ ખોખડદ નદીના કાચા રોડ ઉપર વાસંગી દાદાના મંદિર પાસે પહોંચ્યા ત્યારે ઘેલા દાદરેચા તથા તેની સાથે બે અજાણ્યા માણસો ત્યાં હાજર હતા.


AI IMAGE

આ ત્રણેય જણાએ રવિભાઇ પર પથ્થરના ઘા કર્યા હતા. ઘેલાના હાથમાં છરી હોવાથી જીવ બચાવવા માટે રવિભાઈ પોતાનું બુલેટ લઈને ત્યાંથી નાસી છૂટ્યા હતા. પથ્થરમારામાં તેને શરીરે ઈજા થઈ હતી અને પેન્ટના ડાબા ખિસ્સામાં રાખેલા મોબાઇલ ફોન પર પથ્થર લાગતાં સ્ક્રીન તૂટી જતાં રૂા. ૧૧૦૦નું નુકસાન થયું હતુ. હુમલાનું કારણ એવુ છે કે રવિભાઈના પિતા દિપકભાઈ રાવતભાઈએ આશરે ૨૦ દિવસ પહેલા કોર્ટમાં રૂ. ૩૫,૦૦૦ની રકમનો ચેક રીટર્ન થયા અંગેનો કેસ દાખલ કર્યો હતો. આ વાતનો ખાર રાખી ઘેલાએ ખાર રાખી રવિભાઇને આંતરી પથ્થરમારો કરી છરી બતાવી હતી. સ્કૂલમાં પરિક્ષા ચાલતી હોઇ રવિભાઇએ હવે મોડી ફરિયાદ નોંધાવી હતી. ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ બી. એસ. ચૌહાણે તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો કુવાડવા રોડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા કોઠારીયા ગામ હોળી ધાર પાણીના ટાંકા પાસે રહેતા અને ખેતી કરવા સાથે દૂધનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવતા નથુભાઈ તેજાભાઈ હાડગરડા નામના ત્રેપન વર્ષના પ્રૌઢ પર રાત્રીના અજાણ્યા શખ્સે આવી તેઓ ઓસરીમાં સુતા હોઇ જગાડીને નામ પુછ્યા બાદ છરીથી હુમલો કરી ભાગી જતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં કુવાડવા પોલીસે નથુભાઇ હાડગરડાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો છે.

નથુભાઇ પત્નિ લક્ષ્મીબેન, પિતા તેજાભાઇ સાથે રહે છે. મોટો દિકરો ગોવિંદ મોરબી રહે છે. નાની દિકરીઓના લગ્ન થઇ ગયા છે. સૌથી નાનો દિકરો જગમાલ ગાંધીનગર અભ્યાસ કરે છે. તા.૨ના રાત્રિના આશરે સાડા ત્રણ વાગ્યાના સુમારે નથુભાઇ, તેમના પત્નિ પિતા તેજાભાઇ અને મોટા દીકરા ગોવિંદભાઈના પત્નિ સુરભીબેન ઘરમાં અલગ-અલગ રૂમમાં સૂતા હતા, જ્યારે નથુભાઈ ઘરની ખુલ્લી ઓસરીમાં ખાટલા પર સુતા હતાં. આ દરમિયાન રાત્રિના આશરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં એક અજાણ્યો શખ્સ ઘરની દીવાલ કૂદીને અંદર ઘૂસી આવ્યો હતો. ઓસરીમાં ખાટલા પર સુતેલા નથુભાઈ પાસે આવીને તે અજાણ્યા શખ્સે તેમને ઉઠાડીને નામ પૂછ્યું હતું અને તુરંત જ પોતાની પાસે રહેલી છરી વડે ડાબા હાથની કોણીની થોડી ઉપરના ભાગે ઘા મારીને ઈજા પહોંચાડી હતી.

આ હુમલાને કારણે નથુભાઈએ બુમો પાડતાં ઘરના અન્ય સભ્યો તુરંત જાગી ગયા હતા અને દોડી આવ્યા હતા. આથી હુમલાખોર ભાગી ગયો હતો. આ હુમલામાં નથુભાઈના ડાબા હાથમાંથી લોહી નીકળવા લાગ્યું હોઇ ૧૦૮ બોલાવી સારવાર માટે ખસેડ્યા હતાં. સારવાર બાદ તેમણે કુવાડવા પોલીસ સ્ટેશને જઇ ફરિયાદ નોંધાવતાં એએસઆઇ એમ. એમ. આજગ્યાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

નવ ગુનામાં સામેલ યશ ઉર્ફે હુંડીને એસઓજીએ તમંચા સાથે દબોચ્યો

વિશ્વકર્મા સોસાયટીના શખ્સ પાસેથી ખાલી મેગ્ઝીન પણ મળ્યુંઃ જામનગરના શખ્સનું નામ સામે આવ્યું

રાજકોટ તા. ૩

એસઓજીએ વધુ એક વખત ગેરકાયદે હથીયારની હેરાફેરીનો પર્દાફાશ કરી એક નામીચા શખ્સને તમંચા સાથે દબોચી લીધો હતો. પેટ્રોલીંગ દરમિયાન બાતમીને આધારે આ કામગીરી કરવામાં આવી હતી. ઝડપાયેલો પુનિતનગર વિશ્વાકર્મા સોસાયટીનો આ શખ્સ અગાઉ નવ ગુનાઓમાં સામેલ છે.

વિગતો પર નજર કરીએ તો દિવાળીના તહેવાર અનુસંધાને કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે અંતર્ગત ગેરકાયદે હથીયારો રાખીને ફરતાં શખ્સોને શોધી કાઢવા સુચના મળી હોઇ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એસઓજીના હેડકોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદિપસિંહ ચૌહાણ



અનઅખે કોન્સ. યશપાલસિંહ ઝાલાને બાદતમી મળતાં યશ ઉર્ફે હુંડી રસિકભાઇ બકરાણીયા (વિશ્વકર્મા સોસાયટી-૯, પુનિતનગર પાણી ટાંકા સામે)ને દેશી બનાવટના તમંચો અને ખાલી મેગ્ઝીન સાથે પકડી લીધો હતો. છવ્વીસ વર્ષનો આ શખ્સ અગાઉ પ્ર.નગર, તાલુકા પોલીસ, માલવીયાનગર, એ-ડિવીઝન, ભક્તિનગર, માલવીયાનગર સહિતના પોલીસ સ્ટેશનોમાં મારામારી, દારૂ, જૂગાર, તોડફોડ સહિતના ૯ ગુનાઓમાં સંડોવાઇ ચુક્યો છે.

પોતાને માથાકુટો ચાલતી હોઇ જામનગરના કોઇ વિશ્વરાજસિંહ પાસેથી આ હથીયાર લાવ્યાનું તે રટણ કરે છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એન. બી. ચૌધરી, પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદિપસિંહ ચૌહાણ, યશપાલસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી. સાચી વિગતો ઓકાવવા તેના રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

બિમારીની સારવાર માટે મામાએ રકમ લીધી હતીઃ પાછી ન આપી શકતાં ભાણાએ મગજ ગુમાવ્યો

ઉછીના આપેલા સાંઇઠ હજાર પાછા માંગી ભાણેજે મામાને છરી ઝીંકી

રાજકોટ તા. ૩

માથાકુટની વધુ એક ઘટનામાં પૈસા મામલે મામા-ભાણેજ વચ્ચે માથાકુટ થઇ ગઇ હતી. જેમાં બીમારીની સારવાર માટે હાથ ઉછીના લીધેલા રૂા. ૬૦ હજાર નહી આપી શકતા આધેડ પાસે ધસી જઈ સગા ભાણેજ સહિત ત્રણ શખ્સોએ અમારા પૈસા માંગવા છતા કેમ પરત આપતા નથી કહી ઢીકાપાટુનો માર મારી છરીનો એક ઘા ઝીંકી ગંભીર ઈજા કર્યાની થોરાળા પોલીસ મથકમાં ફરીયાદ થઇ હતી.

વિગતો જોઇએ તો આ મામલે કુબલીયાપરામાં ચાર બાઇ માતાજીના મઢની સામે મફતીયા પરામાં રહેતા બાવન વર્ષના ચીનાભાઇ હરીભાઇ જાડેજાએ કમલેશ ઉર્ફે યોગો રાજેશભાઇ પરમાર અને તેના બે ભાઇઓ વિજય અને અમીત ઉર્ફ હોજરી સામે થોરાળા પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, તે મજુરી કામ કરે છે. સાતેક મહિના પહેલા તેવો પોતાની બીમારીની સારવાર કરાવવા માટે પૈસાની જરૂરીયાત હોવાથી સગા ભાણેજ એવા આરોપી કમલેશ ઉર્ફે યોગા (રહે. કુબલીયાપરા) પાસેથી હાથ ઉછીના રૂા. ૬૦ હજાર રોકડા લીધા હતા.

બાદમાં આરોપી અવાર-નવાર પૈસાની પરત માંગણી કરતા તેને 'હાલ મારી પાસે પૈસા નથી, થશે ત્યારે આપી દઇશ! તેમ જવાબ આપ્યો હતો. દરમીયાન ગઇકાલે



આજે તે ઘર નજીક હતા ત્યારે ત્યાં ઘસી આવેલા ત્રણેય ભાઇઓએ અમે તમને ૬૦ હજાર રૂપીયા આપેલ છે તે કેમ પાછા આપતા નથી' કહેતા તેને 'હાલ મારી પાસે પૈસાની સગવડ નથી, સગવડ થશે ત્યારે હુ.તમારા બધાના પૈસા પરત આપી દઇશ' તેમ જવાબ આપતા ત્રણેય આરોપીઓએ ઉશ્કેરાઇ ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યુ હતું. આ સમયે કમલેશ ઉર્ફે યોગાએ તેના નેફામાંથી છરી કાઢી એક ઘા ડાબા પડખામાં ઝીંકી દેતા ગંભીર ઈજા થવાની સાથે તે લોહી લુહાણ થઇ ગયા હતા. આ સમયે તેના પુત્રી સહિતના પરિવારજનો ત્યાં આવી જતા ત્રણેય આરોપી ભાગી ગયા હતા. જયારે આ તરફ તેને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ આદરી હતી.

ખાલીસ્તાન જીંદાબાદ, પાકિસ્તાન જીંદાબાદ...૨૦૦૮ને ભુલશો નહિ એવા સંદેશા સાથે ધમકી અપાઇ

રાજકોટ સહિતની જેલોમાં બ્લાસ્ટની ધમકીઃ ચેકીંગ

ડીજીપી ઓફિસને ધમકીભર્યો ઇ-મેઇલ મળતાં એસઓજી, ડોગ સ્કવોડ, બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ, ક્યુઆરીટીની ટીમોએ જેલના ખુણેખુણામાં તપાસ કરીઃ અંતે સૌએ રાહતનો શ્વાસ લીધો

રાજકોટ, તા.૩

વારંવાર રાજ્યની કોઇને કોઇ સરકારી કચેરીઓ અને ખાસ કરીને કોર્ટને તેમજ ક્યારેક શાળાઓને કે પછી ધાર્મિક સ્થળો સહિતની ઈમારતોને બોમ્બથી ઉડાવી દેવાના ઇ-મેઇલ મોકલી ધમકીઓ અપાતી રહે છે. ખાલીસ્તાનીના નામે અને ક્યારેક તમિલ સંગઠનના નામે આવા ધમકી ભર્યા ઇ-મેઇલ આવતા રહે છે. ત્યાં હવે રાજકોટ સહિત રાજ્યભરની જેલોને બોમ્બથી ઉડાવી દેવાનો ઇ-મેઇલ ડીજીપી કચેરીને મળતાં તમામ જેલો ખાતે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, એસઓજી, ક્યુઆરટી, ડોગ સ્કવોડની ટીમોએ પહોંચી ખુણેખુણા ચેક કર્યા હતાં જો કે કંઇપણ શંકાસ્પદ મળી આવ્યું નહોતું.

વિગતો જોઇએ તો અવાર-નવાર રાજ્યભરની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ઇ-મેઇલથી ધમકીઓ મળતી રહે છે. આ વખતે હવે રાજ્યભરની જેલોને ઉડાવી દેવાની ધમકીભર્યો ઇ-મેઇલ મળતાં દોડધામ મચી ગઇ હતી. રાજકોટ સહિત રાજ્યની તમામ જેલો ખાતે એસઓજી, ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ, ક્યુઆરટીની ટીમોએ ચેકીંગ કર્યુ હતું. જો કે કોઇપણ જેલમાંથી કંઇપણ શંકાસ્પદ ચીજવસ્તુ મળી નહોતી. રાજકોટ જેલ ખાતે પણ ચેકીંગ કરવામાં આવ્યું હતું. એક ધમકી ભર્યો ઇ-મેઇલ ડીજીપી ઓફિસને મળ્યો હતો. જેમાં લખ્યું હતું કે-૨૦૦૮ને ભૂલશો નહીં, બિગ સરપ્રાઇઝ ફોર ઈન્ડિયન ગવર્નમેન્ટ. જે ધમકીભર્યા મેઇલમાં ડીજીપી ઓફિસ ગાંધીનગર, કલેક્ટર ઓફિસ, એક મંદિરને બોમ્બથી ઉડાવવાની ધમકી



આપવામાં આવી હતી.

આ ઇ-મેઇલ ખાલિસ્તાનના નામથી કોઈ અજાણ્યા શખસે મોકલ્યો હતો. પાકિસ્તાન જિંદાબાદ અને ખાલિસ્તાન જિંદાબાદની સાથે અલ્લાહુ અકબરનો પણ આ ધમકી ભર્યા ઈમેઈલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ધમકીભર્યો ઈમેઈલ મળતા જ અમદાવાદ સહિત રાજ્યભરની જેલોના વડાને તાકીદ કરવામાં આવી હતી અને ચેકીંગ કરવા સુચના અપાઇ હતી. આ પછી સાબરમતી જેલ સહિત રાજ્યની તમામ જેલમાં તપાસ શરૂ



કરવામાં આવી હતી. સાબરમતી જેલમાં લોરેન્સ બિૌઇ સહિતના કેદીઓ પણ હોઇ જીણવટભર્યુ ચેકીંગ કરાયું હતું. રાજકોટ અને વડોદરાની જેલોમાં ચેકીંગ શરૂ થઇ ગયુ હતું.

તેમજ રાજકોટ જેલમાં પણ ચેકીંગ કરવા માટે પોલીસ-એસઓજી, ક્યુઆરટી, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડની ટીમો પહોંચી ગઇ હતી. જો કે રાજકોટ જેલ ખાતે ત્રણેક કલાકની તપાસ બાદ પોલીસ સહિત સૌએ રાહતનો દમ લીધો હતો. કંઇપણ શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવી નહોતી. ડીજીપી કચેરીને મળેલા આ મેઇલનું મૂળ શોધવા માટે સાયબર ક્રાઇમની ટેકનિકલ ટીમે એફએસએલના ડિજિટલ નિષ્ણાતોની મદદ લીધી છે. પ્રાથમિક તપાસમાં ઇ-મેઇલ મોકલવા માટે પ્રોક્સી સર્વર, વર્ચ્યુઅલ પ્રાઇવેટ નેટવર્ક (વીપીએન) અથવા એન્ક્રિપ્ટેડ મેઇલ સર્વિસનો ઉપયોગ કરાયો હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે.

સાયબર સેલ ઈ-મેઇલ હેડર અને સર્વર લોગ્સ આધારે ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ એકત્ર કરવા મહેનત કરી રહ્યું છે. ડીજીપી ઓફિસમાં આવેલા ઈ-મેઇલમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતની જેલોને ટાર્ગેટ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મેલની ગંભીરતાને ધ્યાને રાખીને સાબરમતી જેલ ખાતે ફિફર ડોગ્સ, મેટલ ડિટેક્ટર અને આધુનિક સર્ચિંગ સાધનો સાથે તપાસ હાથ ધરવામાં આવી છે. જેલ પરિસરમાં બહારથી આવતા મુલાકાતીઓ, વાહનો અને સપ્લાયની ચકાસણી વધારી દેવામાં આવી છે. આ ઉપરાંત જેલ સ્ટાફ સિવાયના કોઈપણ અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર અસ્થાયી પ્રતિબંધ લગાવીને ચોકી-પહેરા વધુ કડક કરી દવાયા હતાં. જો કે રાજકોટ જેલ સહિતની તમામ જેલો ખાતે તત્કાળ ચેકીંગ બાદ કંઇ શંકાસ્પદ ન મળતાં સૌએ રાહતનો દમ લીધો હતો. અગાઉ પણ ઇ-મેઇલથી આ પ્રકારની ધમકીઓ અવાર-નવાર મળી છે. પોલીસ પ્રસાશન દરેક વખતે આવી ધમકીઓને ખુબ જ ગંભીરતાથી લઇ જે તે ઇમારતોનો ઉલ્લેખ હોય ત્યાં તુરત જ ચેકીંગ હાથ ધરતી હોય છે.

ગાયત્રીનગરમાં રહેતાં દંપતિએ એકનો એક આધારસ્તંભ-આશાસ્પદ લાડકવાયો ગુમાવ્યો

વિદ્યાર્થીનો ભોગ લેતો વિજકરંટ

યુવાન માતા-પિતા સાથે ઢોલરાના જુના મકાને સાફસફાઈમાં મદદ કરવા ગયો ત્યારે કાળ ભેટી ગયોઃ બીજી બે ઘટનામાં વાહન અકસ્માતની ઘાત વૃધ્ધ અને યુવાન માટે સાબીત થઇ જીવલેણ

રાજકોટ, તા. ૩

અલગ અલગ ત્રણ કરૂણ ઘટનાઓમાં જુદા જુદા પરિવારોએ સ્વજનો ગુમાવ્યા હતાં. એક બનાવમાં દંપતિના એકના એક યુવાન દિકરાનું વિજકરંટ લાગવાથી મોત થયું હતું. જેમાં રાજકોટ રહેતો એકવીસ વર્ષનો કોલેજમાં અભ્યાસ કરતો યુવાન માતા-પિતા સાથે નજીકના ઢોલરા ગામે જુના મકાને સાફસફાઇના કામમાં મદદ કરવા ગયો ત્યારે કામ કરતી વખતે કરંટ લાગતાં જીવ ગયો હતો. અન્ય બે ઘટનામાં વાહન અકસ્માતની ઘાત એક યુવાનને અને એક વૃધ્ધને નડી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના ગાયત્રીનગરમાં રહેતાં મુળ ઢોલરાના સોની દંપતિએ એકનો એક એકવીસ વર્ષનો દિકરો ગુમાવી દીધો હતો. એમબીએમાં અભ્યાસ કરતો આ છાત્ર ગઇકાલે માતા-પિતા સાથે ઢોલરાના પોતાના ઘરે હતો ત્યારે સાફસફાઇમાં મદદ કરતો હતો તે વખતે કોઇપણ કારણોસર ડ્રોઅરમાંથી વિજકરંટ લાગી જતાં તેનું મૃત્યુ થયું હતું. વધુ માહિતી અનુસારગાયત્રીનગર મેઇન રોડ ભોલેનાથ મંદિરવાળી શેરીમાં રેહતો એકવીસ વર્ષનો અક્ષય નિતીનભાઇ પાટડીયા સાંજે ઢોલરા ગામે પોતાના જુના મકાન ખાતે હતો ત્યારે ત્યાં વિજકરંટ લાગતાં બેભાન થઇ ગયો હતો.

તેને તુરંત સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. શાપર પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. વધુ વિગતો મુજબ મૃત્યુ પામનાર અક્ષય પાટડીયા માતા હેતલબેન, પિતા નિતીનભાઇ પાટડીયાનો એકનો એક દિકરો હતો અને એમબીએનો અભ્યાસ કરવાની સાથે સાથે વિડીયોગ્રાફીનું કામ પણ કરતો હતો.

અક્ષયના પિતા નિતીનભાઇ ઢોલરામાં પોતાના જુના મકાન સાથે સોની કામની દુકાન ચલાવે છે. હાલમાં ગાયત્રીનગર ખાતે રહે છે. દિવાળીનો સમય હોઇ ગઇકાલે પતિ, પત્નિ અને પુત્ર અક્ષય ઢોલરા જુના મકાને સાફસફાઇ માટે ગયા ત્યારે કોઇ ટેબલના ડ્રોઅરમાંથી અક્ષયને વિજકરંટ લાગી ગયાનું સગાએ જણાવ્યું હતું. એકના એક આશાસ્પદ, આધારસ્તંભ દિકરાને ગુમાવતાં પાટડીયા-સોની દંપતિ, પરિવારજનો શોકમાં ગરક થઇ ગયા હતાં.


AI IMAGE

બીજી ઘટનામાં વાહન અકસ્માત જીવલેણ સાબીત થયો હતો. ગોંડલના વાસાવડ ગામે ખાંટપરામાં રહેતાં ધીરજલાલ બાવાભાઇ દેવરા નામના સિત્તેર વર્ષના રાવળદેવ વૃધ્ધ સવારે પોણા અગીયારેક વાગ્યે ચાલીને વાસાવડ-સાણથલી રોડ પર રામવાડી પાસેથી પસાર થઇ રહ્યા હતાં ત્યારે કેટા કાર જીજે૧૪બીજી-૫૦૦૯ની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં સુલતાનપુર પોલીસે મૃતકના ભત્રીજા વાસાવડના હાર્દિકભાઇ કિશોરભાઇ દેવરાની ફરિયાદ પરથી કારચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. હેડકોન્સ. વિજયભાઇ સરીયા વધુ તપાસ કરે છે. હાર્દિકભાઇના જણાવ્યા મુજબ તેના મોટા બાપુજી માંગણી માંગવા ચાલીને જતાં હતાં ત્યારે કારની ઠોકરે ચડી જતાં આ બનાવ બન્યો હતો.

ત્રીજી ઘટનામાં પણ એક યુવાન માટે વાહન અકસ્માતની ઘાત જીવલેણ સાબીત થઇ હતી. ઉનાના સીમર બંદર નજીકના ભાડા ગામ અને ટીમલી ગામ વચ્ચેના રસ્તા પર બાઇક પાછળ બાઇક અથડાતાં સીમરના યુવાનનું ગંભીર ઇજા થતાં મોત થયું છે. જ્યારે તેના કુટુંબી ભાઇને ઇજા પહોંચી છે. બંને ભાઇઓ મહુવા નજીકના ગામે દવા લેવા જતાં હતાં ત્યારે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઇજાગ્રસ્ત યુવાને રાજકોટમાં દમ તોડી દીધો હતો.

વધુ માહિતી અનુસાર સીમર બંદર ખાતે રહેતાં દેવશીભાઇ લક્ષ્મણભાઇ સોલંકી નામના ચાલીસ વર્ષના યુવાન ઓગણત્રીસમીએ સાંજે તેના કુટુંબી ભાઇ પાંત્રીસ વર્ષના મોહનભાઇ વાઘાભાઇ ડાભીના બાઇક પાછળ બેસી મોહનભાઇની દવા લેવા મહુવાના કડસાર ગામ તરફ જવા નીકળ્યા હતાં. દરમિયાન ભાડા ચોકડી અને ટીમલી વચ્ચેના રસ્તા પર આગળ જતાં બાઇકના ચાલકે અચાનક બ્રેક મારતાં મોહનભાઇએ કાબુ ગુમાવતાં તેની પાછળ પોતાનું બાઇક અથડાવી દીધુ હતું. આને કારણે બંને ભાઇઓ ફંગોળાઇ જતાં ઇજાઓ પહોંચી હતી.

લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવતાં બંને ભાઇઓને સારવાર માટે ઉના હોસ્પિટલમાં ખસેડાયા હતાં. દેવશીભાઇને ગંભીર ઇજા થઇ હોઇ રાજકોટ સિવિલમાં દાખલ કરાયા હતાં. અહિ સારવારમાં મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે નાગેશ્રી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર દેવશીભાઇ ત્રણ ભાઇ અને પાંચ બહેનમાં નાના હતાં. તેમને સંતાન નથી. ખેત મજુરી અને છુટક મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. આમ એક કિસ્સામાં યુવાન માટે વિજકરંટ જીવલેણ બન્યો હતો, તો બીજા બનાવમાં વાહન અકસ્માતને લીધે બે લોકોના જીવ ગયા હતાં.

કારખાનાના દીવાલ પરથી પડી જતાં સગીરનું મોત

મુળ યુપીનો તરૂણ મોટા ભાઇ સાથે અહિ રહેતો હતો



રાજકોટ તા. ૩

અપમૃત્યુના એક બનાવમાં એક સગીર વયના તરૂણનું પંદરેક ફુટ ઉંચાઇથી પડી જતાં મોત થયું હતું. ગોંડલ રોડ પર કારખાનામાં સામાન હેરફેરની લિફ્ટ મારફત જમવાનો સામાન ઉપર ચડાવતી વખતે ૧૩ વર્ષનો ટેણીયો પંદરેક ફુટ ઉંચાઇએથી પટકાતાં ગંભીર ઇજા થતાં મોત થયું છે. મુળ યુપીનો આ સગીર તેના મોટા ભાઇ સાથે અહિ રહેતો હતો.

વધુ વિગતો જોઇએ તો ગોંડલ રોડ સાંઢીયા પૂલ પાસે સ્વાતિ રોડ પર ગુરૂકૃપા કારખાનામાં મોટા ભાઇ સાથે રહેતો મુકેશ સિપાહીભાઇ ીનશાદ નામનો તેર વર્ષનો સગીર સવારે કારખાનામાં માલસામાનની લિફ્ટ મારફત જમવાનો સમાન ઉપર ચડાવતો હતો ત્યારે પંદરેક ફુટ ઉંચાઇ પર લિફ્ટ પહોંચી ત્યારે અકસ્માતે પટકાતાં માથા, ગળામાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મુકેશ ચાર ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તેના માતા-પિતા સહિતના પરિવારજનો યુપીમાં રહે છે. તેનો મોટો ભાઇ અહિ રાજકોટ કારખાનામાં કામ કરી ત્યાં જ રહેતો હોઇ મુકેશ મોટા ભાઇ સાથે અહિ રહેતો હતો. બનાવથી બીજા મજૂરોમાં પણ શોક છવાઇ ગયો હતો.

ઘણીવાર ઉતાવળ માણસ માટે જોખમી બની શકેઃ એક પરિવારે યુવાન કંધોતર ગુમાવ્યો

ઝેરી પાણીએ યુવાનનો લીધો ભોગ

બહારથી થાકી વાડીએ પહોંચેલા યુવાને ઉતાવળે ધોરીયામાંથી પાણી પી લીધું, તેમાં દવા ભળેલી હોઇ જીવ ગયોઃ બીજી બે ઘટનામાં બેભાન હાલતમાં યુવા કારખાનેદાર અને આધેડના મૃત્યુ

રાજકોટ તા. ૩

અપમૃત્યુની ઘટનઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ આવા ત્રણ બનાવોમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં. જેમાં એક યુવાન બહારગામથી પોતાની વાડીએ આવીને તરસ લાગી હોઇ ઉતાવળે પાણીના ધોરીયામાં વહી રહેલુ પાણી ખોબા ભરી ભરીને પી ગયો હતો. પણ આ પાણીમાં જંતુનાશક દવા ભળેલી હોઇ યુવાનને ઝેરી અસર થતાં તેનો જીવ ગયો હતો. જળ એ જીવન, પણ અહિ ભુલથી દવા મિશ્રીત જળ પીવાઇ જતાં જળ મોત સાબીત થયું હતું. બીજી ઘટનામાં એક યુવાન કારખાનેદારનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. તો અન્ય એક બનાવમાં એક આધેડનું પણ બેભાન હાલતમાં મૃત્યુ થઇ ગયું હતું.

પ્રથમ કરૂણ ઘટના જોઇએ તો દેવભૂમિ દ્વારકા તાબેના ભાણવડના પાછતર ગામે રહેતાં અઠ્ઠાવીસ વર્ષના યુવાને ભુલથી વાડીએ ધોરીયામાં વહી રહેલુ ઝેરી દવાવાળુ પાણી ખોબે ખોબે પી લીધા બાદ તબિયત બગડતાં ઝેરી અસર થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ આજે સવારે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતોપાછતર ગામે રહેતો અઠ્ઠાવીસ વર્ષનો જયદિપ રાયસીંગભાઇ કારેણા ઓગણત્રીસમી તારીખે સવારે કામ સબબ અમદાવાદ ગયો હોઇ ત્યાંથી પરત વાડીએ આવ્યો હતો. અહિ પહોચ્યો ત્યારે ખુબ તરસ લાગી હોઇ ઉતાવળે ધોરીયામાંથી પાણી વહેતું હોઇ તે ખોબે ખોબે પી ગયો હતો.

પરંતુ બાદમાં તેને ઉલ્ટીઓ થવા માંડતા આ પાણીમાં ખેતરમાં છાંટવાની દવા ભળેલી હોવાની ખબર પડી હતી. તેને તુરત જ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ હાલત ગંભીર થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયો હતો. પણ રાજકોટમાં સારવાર દરમિયન તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાણવડ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જયદિપ બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તે ખેતી કામની સાથે સાથે ફરસાણ બનાવવાનું કામ પણ કરતો હતો. યુવાન દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.



બીજી ઘટના જોઇએ તો નાના મવા રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે અંબીકા ટાઉનશીપમાં રહેતાં કારખાનેદાર યુવાનનું બેભાન થઇ ગયા બાદ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. અંબિકા ટાઉનશીપમાં રહેતાં ચાલીસ વર્ષના નિકુંજભાઇ જેન્તીભાઇ હીંગરાજીયાને ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવારમાં દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીન સ્ટાફે તાલુકા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર નિકુંજભાઇ ટુવ્હીલરની એસેસરીઝનું કારખાનુ ચલાવતાં હતાં. તે બે ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો છે. કિડનીની તકલીફ હોવાનું સ્વજને જણાવ્યું હતું. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો બેડીપરા ફાયબ બ્રિગેડ નજીક મનહરપરા મેઇન રોડ પર રહેતાં ભરતભાઇ બચુભાઇ રંગપરા નામના સુડતાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમણે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ત્રણ ઘટનામાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

ચોથા બનાવમાં ધ્રાંગધ્રામાં રહેતી ગીતાબેન ઘનશ્યામ કુંઢીયા નામની મહિલાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં ધ્રાંગધ્રા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. તેણીના લગ્ન સત્તર વર્ષ પહેલા થયા છે અને સંતાનમાં ચાર દિકરા છે. પતિ ભંગારની ફેરી કરે છે. તેણીના કેહવા મુજબ છોકરાને પતિએ કામ ચીંધતા છોકરાએ ન કરતાં પતિએ ઉશ્કેરાઇ જઇને તેણી સાથે ઝઘડો કરી ધોલધપાટ કરી લીધી હતી. આ કારણે માઠુ લાગી જતાં પોતે એસિડ પી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રાંગધ્રા પોલીસને જાણ કરી હતી.

અમુક લુખ્ખાઓને પોલીસનો ભય જ નથીઃ ત્રણ દિવસમાં બે હુમલા

‘વાવાઝોડુ’ નામક યુવાન પર બીજીવાર ઘા

ભંગારના ધંધાર્થીને પહેલી વખત ઘર બહાર બેસવાની ના પાડી છરી ઝીંકાઇ, હવે ધોકાવાળી કરી આંગળી ભાંગી નંખાતાં વધુ એક વખત થોરાળા પોલીસમાં એફઆઇઆર

રાજકોટ, તા. ૩

માથાકુટ કરનારાઅ અને હુમલાઓ કરનારા અમુક તત્વોને પોલીસનો જરાય ડર ન હોય તે રીતે ધમાલ મચાવતાં રહે છે. વધુ એક આવી ઘટના બની હતી. જેમાં એક યુવાન પર ત્રણ દિવસમાં સતત બે વખત એકના એક શખ્સોએ હુમલો કર્યા હતાં. શહેરના થોરાળા મેઇન રોડ પર ટ્રેક્ટર ચોકથી આગળ, ગોપાલકુંજ મંદિરની સામેની શેરી, મફતીયાપરામાં રહેતા અને છૂટક ભંગારનો વેપાર કરતા અનીલ ઉર્ફે વાવાઝોડું દિલીપભાઇ મકવાણા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાન પર ત્રણ દિવસમાં સતત બીજી વખત હુમલો કરવામાં આવ્યો હતો. અગાઉ ચાર ભાઇઓએ હુમલો કર્યો હતો, હવે બીજી વખત ચાર પૈકીના બે ભાઇઓએ ફરી ઘા કરી લીધા હતાં.

વિગતો જોઇએ તો બે દિવસ પહેલા શેરીમાં બેઠો હતો ત્યારે શખ્સોએ આ મકાન અમે લઇ લીધુ છે તારી અહિ બેસવુ નહિ કરી વાંસામાં છરીના ઘા મારી દીધા હતાં. હવે ફરીથી તે રાતે ઘર પાસે હતો ત્યારે વગર વાંકે બોલાચાલી કરી અગાઉની ફરિયાદનો ખાર રાખી ફરીથી ધોકાવાળી કરવામાં આવતાં બીજો ગુનો દાખલ કરાવાયો હતો. અનીલ ઉર્ફે વાવાઝોડુ પોતાના પરિવારમાં પત્નિ રાધીકાબેન , દિકરો નિખિલ, દીકરો લક્ષ, અને દીકરી પુષ્પા સાથે રહીને છૂટક ભંગારનો ધંધો કરીને ગુજરાન ચલાવે છે. બીજી તારીખે સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં અનીલભાઇ થોરાળા મેઇન રોડ પર ચનાબાપાની હોટલથી થોડે આગળ કે.જી.એન. પાનની દુકાન પાસે ભા હતા.

તે દરમિયાન આરોપીઓ કમલેશ ઉર્ફે અગ્રો રાજેશભાઇ પરમાર અને અમિત ઉર્ફે લોજરી રાજેશભાઇ પરમાર ત્યાં આવ્યા હતા અને વગર વાંકે ઝઘડો કરી માથાકૂટ શરૂ કરી અપશબ્દો બોલવા લાગ્યા હતા. અનીલ ઉર્ફે વાવાઝોડાએ ગાળો બોલવાની ના પાડતા બંનેએ ઉશ્કેરાઇને તેમને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન કમલેશ ઉર્ફે અગ્રોએ પોતાના હાથમાં રહેલા લાકડાના ધોકાનો ઘા અનીલભાઇને મારતા, તેમણે બચાવવા માટે જમણો હાથ



આડો ધર્યો હતો, જેના કારણે ધોકો જમણા હાથના પંજાના ભાગે વાગવાથી મૂંઢમાર વાગ્યો હતો. બાદમાં બંને હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા.

ઘટના બાદ અનીલભાઇ ઘરે ગયા હતા અને પત્નિ રાધીકાબેન, પિતા દિલીપભાઇ તથા પરિવારના અન્ય સભ્યોને બનાવની જાણ કરી હતી. હાથમાં વધુ દુખાવો થતા પત્નિ અને પિતા તેમને રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઇ ગયા હતા. ત્યાં ડોક્ટરોએ એક્સ-રે કઢાવતા જમણા હાથના પંજાના ભાગે આંગળીના હાડકામાં ફ્રેક્ચર થયું હોવાનું જણાવી દાખલ થવાની સલાહ આપી હતી, જો કે અનીલભાઇએ દાખલ થયા વગર પ્રાથમિક સારવાર લીધી હતી. આ બનાવ અંગે અનીલભાઇએ પત્નિ અને પિતા સાથે થોરાળા પોલીસ સ્ટેશન ખાતે ઝુબરૂ આવીને કમલેશ ઉર્ફે અગ્રો રાજેશભાઇ પરમાર અને અમિત રાજેશભાઇ પરમાર વિરૂધ્ધ ધોરણસરની ફરિયાદ નોંધાવતાં એ.એસ.આઇ. જી.ડી. શિયાળ દ્વારા એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે હજુ ત્રણ દિવસ પહેલા પણ અનિલ ઉર્ફે વાવાઝોડુ ઉપર હુમલો થયો હતો. ત્યારે તેણે વિજય રાજેશભાઇ ઉર્ફે રૂડી પરમાર, કમલેશ ઉર્ફે અગો રાજેશભાઇ, અજીત ઉર્ફે ટેબો રાજેશભાઇ અને અમીત ઉર્ફે હોજરી રાજેશભાઇ સામે થોરાળા પોલીસમાં નોંધાવી હતી. તેમાં જણાવ્યું કે રાત્રે સાડા અગીયારેક વાગ્યે તે થોરાળા મેઇન રોડ પર ચારબાઇ માતાજીના મંદીર પાસે શેરીમાં બેઠો હતો ત્યારે ત્યાં ધસી આવેલા વિજયે અહી અમે મકાન ભાડે લીધેલ છે. શેરીમાં કેમ બેઠો છો? કહી અપશબ્દો બોલી કાઠલો પકડી લઇ છરીનો એક ઘા જમણા પડખામાં ઝીંકી દેતા ઇજા થઇ હતી.

જેથી તે ભાગીને ઘરે પહોંચ્યા બાદ પરિવારજનોને આ અંગે વાતચીત કરી હોસ્પીટલે જવા રવાના થયો હતો. આ સમયે વિજય ઉપરાંત તેના ત્રણેય ભાઇઓ મળી ચારેય આરોપીઓએ તેના ઘર પાસે ધસી જઇ ઘરબહાર પાર્ક રીક્ષાનો કાચ તોડી નાખ્યો હતો. ત્યાર બાદ ઘરમાં ઘુસી એસી, ટીવી, વગેરેમાં તોડફોડ કરી તેના પિતાને તમાચો ઝીંકી દીધો હતો. બાદમાં ચારેય જેમ ફાવે તેમ બોલી ત્યાંથી નિકળી ગયા હતા. હવે ફરી વખત તેના પર હુમલો થયો છે તેમાં પણ અગાઉના હુમલાના બે આરોપી અમિત ઉર્ફે હોજરી અને કમલેશ ઉર્ફે અગો સામેલ હતાં.

સોશિયલ મિડીયા માધ્યમનો વધુ એક વખત લેભાગુએ કર્યો દુરૂપયોગ

તરૂણીનો દેહ પીંખી ૪૫ લાખ પડાવ્યા!

ઇન્સ્ટાગ્રામથી મિત્રતા અને પ્રેમની જાળમાં ફસાવી બ્લેકમેઇલ કરી શારીરિક-આર્થિક શોષણ કર્યુઃ બીજી ઘટનામાં દિવ્યાંગ યુવાનને જાડીમાં ખેંચી જઇ એક ઢગાએ આચરી બળજબરી



રાજકોટ તા. ૩

સોશિયલ મિડીયા પર લેભાગુઓ નજર માંડીને જ બેઠા હોય છે. આ માધ્યમથી વિકૃત હવસખોરો સગીરાઓને ફસાવી મિત્રતા અને બાદમાં પ્રેમની જાળ રચી ફસાવી દૂષ્કર્મ આચરી જે તે ભોગ બનનારની જિંદગી બગાડી નાંખતા હોય છે. આવી જ એક વધુ ઘટના સામે આવી હતી. જેમાં એક સગીરાને ઇન્સ્ટાગ્રામથી ફેન્ડ બનાવી ફસાવી ફોટા મેળવી તે વાયરલ કરવાની ધમકી આપી દૂષ્કર્મ આચર્યુ હતું. આ ઉપરાંત બ્લેકમેઇલ કરી પિસ્તાલીસ લાખ જેવી મત્તા પડાવી આર્થિક શોષણ પણ કરાયું હતું. પોલીસે હવસખોરને દબોચી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો સોશિયલ મીડિયાના વધતા દુરુપયોગ વચ્ચે વલસાડના ડુંગરી વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર સગીરાને પ્રેમજાળમાં ફસાવી, તેની સાથે દુષ્કર્મ આચરવા અને અંગત પળોના ફોટા વાયર? કરવાની ધમકી આપીને રૂ.૪૫.૦૬ લાખથી વધુની મત્તા પડાવી લેવાના મામલે ડુંગરી પોલીસે આરોપી ધ્રુવિલ પટેલની ધરપકડ કરી છે અને તેને મંગળવાર સુધીના રિમાન્ડ પર મેળવ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર, આરોપી ધ્રુવિલે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી સત્તરવર્ષીય સગીરા સાથે મિત્રતા કેળવી હતી અને તેને વિશ્વાસમાં લીધી હતી.

ત્યારબાદ આરોપી સગીરાને વલસાડના તિથલ રોડ પર આવેલી આમંત્રણા હોટલમાં લઈ ગયો હતો, જ્યાં તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો અને ગુપ્ત રીતે અંગત પળોના ફોટા પાડી લીધા હતા. આરોપીને શેરબજારમાં મોટું નુકસાન થયું હતું, જેના કારણે તેણે સગીરાને તેના અંગત ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને પરિવારજનોને મોકલીને બદનામ કરવાની ધમકી આપી બ્લેકમેઇલ કરવાનું શરૂ કર્યું હતું. સતત ડર અને બદનામીના આતંક હેઠળ સગીરાએ ઘરના કબાટમાંથી અલગ-અલગ સમયે રોકડ રકમ તેમજ સોનાના દાગીના કાઢીને આરોપીને સોંપ્યા હતા.

આ પછી ઘરમાં રેનોવેશનનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન બેડરૂમના કબાટમાંથી રોકડ અને કિંમતી દાગીના ગાયબ હોવાનું પરિવારના ધ્યાનમાં આવ્યું હતું. પરિવારે આ અંગે કડક પૂછપરછ કરતાં સગીરાએ ડરતા-ડરતા આખી હકીકત જણાવી હતી, જેના કારણે પરિવારજનો ચોંકી ઠ્યા હતા. આ મામલે સગીરાની માતાએ ડુંગરી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ સગીરા પાસેથી વિવિધ મત્તા બળજબરીથી પડાવી હોવાનું પોલીસ ફરિયાદમાં સ્પષ્ટ થયું હતું. રોકડા બે લાખ એકસઠ હજાર અને દાગીના મળી કુલ પિસ્તાલીસ લાખ જેવી રકમ પડાવી લીધી હતી. વલસાડ વિભાગના પોલીસ અધિક્ષક એ.કે. વર્માના માર્ગદર્શન હેઠળ ડુંગરી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીને ઝડપી પાડ્યો છે. હાલ પોલીસે આરોપીના કબજામાંથી સોના અને રોકડની રિકવરી તેમજ ગુનામાં વપરાયેલા ઇલેક્ટ્રોનિક ઉપકરણોની બાબતે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી એક ઘટનામાં એક વિકૃતની હવસખોરી સામે આવી હતી. જામનગરના જામજોધપુરમાં આ ઘટના બની હતી. જામવાડી ગામે મંદિરે આરતી કરવા ગયેલા અઠ્ઠાવીસ વર્ષના વિકલાંગ યુવકને ગામના કારુ અરજણ સંગારકા નામના શખ્સે બળજબરીથી અવાવરા મકાનમાં ખેંચી જઈ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ કૃત્ય અંગે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જામજોધપુર પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વિગતો જોઈએ તો જામજોધપુર તાલુકાના જામવાડી ગામે મંદિરે આરતી કરવા ગયેલા જન્મથી વિકલાંગ અઠ્ઠાવીસ વર્ષના યુવકને ગામના જ એક શખ્સે હાથ પકડી બળજબરીથી ખેંચી જઈ અવાવરા મકાનમાં લઈ જઈ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યાની ચોંકાવનારી ઘટનામાં ફરિયાદ દાખલ થઇ હતી.

પોલીસે જણાવ્યું કે હાલ રાજકોટ રહેતાં મુળ જામનગર પંથકના પ્રૌઢે ફરિયાદ નોંધાવી હતી તેમનો મોટો પુત્ર જન્મથી વિકલાંગ છે અને તેને બોલવામાં તકલીફ હોવાથી તે ઇશારા તથા તૂટીફૂટી ભાષામાં પરિવાર સાથે વાતચીત કરે છે. બપોરે પોતે પત્નિ અને દિવ્યાંગ પુત્ર સાથે જામજોધપુર એક -સંગમાં આવ્યા હતા. ત્યારબાદ સાંજે ચાર વાગ્યે જામવાડી ગામે પોતાના ઘરે પહોંચ્યા હતા. સાંજે સાતેક વાગ્યે ભોગ બનનાર પુત્ર ગામના રામજી મંદિરે આરતી કરવા ગયો હતો. રાત્રે સવા આઠ વાગ્યે ઘરે પરત ફરતાં પિતાએ મોડું થવાનું કારણ પૂછ્યું હતું. ત્યારે પુત્રએ ઇશારા અને તૂટીફૂટી ભાષામાં જણાવ્યું હતું કે એક શખ્સ તેનો હાથ પકડી ખેંચી ગયો હતો અને શિવમંદિરના ડેરા પાસે આવેલા પડતર છતવાળા મકાનમાં લઈ જઈ કપડાં ઉતરાવી ગુદાના ભાગે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું.

આ ઉપરાંત એક ઝાપટ મારી કોઈને વાત કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પિતાએ પુત્રને સાથે લઈ ઘટનાસ્થળે જઈ તપાસ કરતાં તેણે શિવમંદિર પાસેનું મકાન બતાવ્યું હતું. ત્યારબાદ આરોપીનું ઘર બતાવતાં પિતા પુત્રને લઈને ત્યાં પહોંચ્યા હતા, જ્યાં ગામના કારૂભાઈ અરજણભાઈ સંગારકા હાજર હતા. પુત્રએ ઇશારા દ્વારા તેમની ઓળખ આરોપી તરીકે કરાવી હતી. આ સમયે કારૂભાઈએ પોતાની ભૂલ થઈ હોવાનું જણાવ્યું હતું. જેથી પિતાએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. આ પછી તેમણે ફરિયાદ દાખલ કરાવી હતી.

હું સરકારી કર્મચારી છું, તમારી સારવાર પ્રધાનમંત્રી યોજનામાંથી મફત કરાવી દઇશ કહી ફસાવ્યા

મદદના નામે ઠગ યુવતિ લાખોના દાગીના લઈ ગાયબ

વૃધ્ધાને સહાયના નામે દસ હજાર રોકડા દીધા, પછી કહ્યું બેંકવાળા દાગીના જોઇ જશે તો ફોર્મ મંજુર નહિ કરેઃ વૃધ્ધાએ દાગીના પર્સમાં મુકતાં ઠગ યુવતિ ઝેરોક્ષ કરાવવા જવાના બહાને પર્સ લઇ છૂ થઇગઇ



રાજકોટ તા. ૩

તહેવારના દિવસોમાં ચોર ગઠીયાઓ ચારેકોર નીકળી પડતાં હોય છે અને જે મળે તેને શિકાર બનાવી લેતાં હોય છે. ચોરી ચિલઝડપ લૂંટ તેમજ ગઠીયાગીરીની ઘટનાઓ આ દિવસોમાં ખુબ વધી જતી હોય છે. આવી જ એક ઘટના વધુ એક વખત બની હતી. જેમાં હોસ્પિટલમાં સારવરા માટે અને સહાય માટે ગયેલા એક વૃધ્ધાને ઠગ યુવતિનો ભેટો થઇ ગયો હતો. આ યુવતિએ પોતે સરકારી કર્મચારી છે અને જો તમે દાગીના પહેરેલા હશે તો તમારા ફોર્મને બેંકવાળા મંજુર નહિ કરે તેમ કહી મફત સારવારનું ફોર્મ ભરાવવાના નામે વૃધ્ધાના દસ લાખ અઠસઠ હજારના દાગીના ઉતારવી તેણી કાગળોની ઝેરોક્ષ કરાવવાના બહાને દાગીનાના પોટલા સાથે ગાયબ થઇ ગઇ હતી.

અવાર-નવાર આ પ્રકારની ઠગાઇ રાજ્યના અલગ અલગ શહેરો, ગામોમાં થતી રહે છે. દરમિયાન વધુ એક કિસ્સાની વિગતો જોઇએ તો અમદાવાદની શારદાબેન હોસ્પિટલમાં કાનની સારવાર કરાવવા ગયેલા એક વૃદ્ધાને મફત સારવાર યોજનાના બહાને રૂપિયા ૧૦,૬૮,૦૦૦ની મત્તા ગુમાવવાનો વારો આવ્યો છે. હોસ્પિટલ બહાર મળેલી એક ઠગ મહિલાએ પ્રધાનમંત્રી મફત સારવાર યોજનાનો લાભ અપાવવાની લાલચ આપીને ફોર્મ ભરાવ્યું હતું. ત્યારબાદ વૃદ્ધા પાસેથી સોનાના દાગીના અને રોકડ સહિત ૧૦,૬૮,૦૦૦ની મત્તા પડાવી મહિલા ફરાર થઈ ગઈ હતી. આ મામલે વૃદ્ધાએ શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ઠગ યુવતિને સીસીટીવી ફૂટેજને આધારે શોધી કાઢવા પોલીસની ટીમો કામે લાગી હતી.

વધુ માહિતી અનુસાર ખોખરા વિસ્તારમાં રહેતા સાંઇઠ વર્ષીય સરોજબેન જૈન શારદાબેન હોસ્પિટલ ખાતે કાનની સારવાર કરાવવા માટે ગયા હતા. હોસ્પિટલમાં દવા લઈને તેઓ નીચે ઉતરી રહ્યા હતા ત્યારે એક યુવતીએ મળીને પોતે સરકારી કર્મચારી હોવાની ઓળખ આપી હતી. તેણે સીનિયર સિટીઝન તરીકે પ્રધાનમંત્રી મફત સારવાર યોજનાનું ફોર્મ ભરી આપવાની અને પંદર હજાર એડવાન્સ અપાવવાની વાત કરી હતી. ત્યારબાદ ઠગ યુવતી એટીએમમાંથી પૈસા ઉપાડવાનું કહીને વૃદ્ધાને અલગ અલગ એટીએમ ખાતે લઈ ગઈ હતી. બાદમાં રિક્ષામાં બેસાડીને અડાલજ ગામ સ્થિત યુનિયન બેંક પાસે લઈ ગઈ હતી, જ્યાં વૃદ્ધાને દસ હજાર આપ્યા હતા. યુવતીએ કહ્યું કે બેંકમાં ફોર્મ ભરવું પડશે પરંતુ દાગીના પહેરેલા હશે તો બેંક વાળા ફોર્મ મંજૂર નહીં કરે, તેથી દાગીના કઢાવીને પર્સમાં મૂકી દેવા જણાવ્યું હતું.

આ પછી વૃધ્ધા સરોજબેને દાગીના પર્સમાં મૂકીને તે પર્સ યુવતીને આપ્યું હતું. બાદમાં ઝેરોક્ષ કઢાવવાના બહાને યુવતી ૧૦.૬૮ લાખના દાગીના તથા રોકડ ભરેલું પર્સ લઈને ફરાર થઈ ગઈ હતી. વૃદ્ધાએ આસપાસ તપાસ કરવા છતાં યુવતી મળી આવી નહોતી. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાની જાણ થતાં વૃદ્ધાએ અજાણી મહિલા ઠગ સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. અગાઉ પણ આ રીતે ઠગ મહિલાઓની ટોળકી વૃદ્ધાઓને મદદ કરવાના બહાને સહાય અપાવી દેવાના નામે ઠગાઇ કરી ભાગી ગયાના કિસ્સા મોજુદ છે. રાજકોટ પોલીસે પણ આવી ઠગાઇના બનાવોમાં અમદાવાદની એક મહિલા સહિતને દબોચ્યા હતાં. ત્યાં તહેવાર ટાણે ફરી આવી ઘટના સામે આવતાં પોલીસ આ ઠગ મહિલાને શોધવા તપાસ કરી રહી છે.

સસ્તા કપડાના નામે નકલી IDથી છેતરપીંડી

લોકોએ ઓનલાઇન રોકડા મોકલી દીધા છતાં કપડા ન મળ્યાઃ રૂબરૂ શો રૂમ ખાતે જઇ તપાસ કરતાં ખબર પડી કોઇ ગઠીયાએ આ શો રૂમના નામે નકલી આઇડી બનાવી રીલ વહેતી કરી દીધી હતી!



રાજકોટ તા. ૩

તહેવારના દિવસોમા સાયબર ગઠીયાઓ વધુ સક્રિય બનીને લોકોને છેતરવા મેદાને ઉતરી પડતાં હોય છે. આવી જ વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક લેભાગુએ ઇન્સ્ટાગ્રામ પર નકલી આઇડી બનાવી ઓનલાઇન ખરીદીની સ્કીમની એડ મુકી લોકોને છેતરવાનું ચાલુ કર્યું હતું. સસ્તા કપડાના નામે આ શખ્સે પૈસા પડાવવાનું ચાલુ કર્યુ હોવાનું ખુલતાં પોલીસે આઇટી એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી. આ પ્રકારના લેભાગુઓ હાલના દિવસોમાં સોશિયલ મિડીયા પર જાળ બીછાવીને બેસીગયા હોઇ લોકોને સાવચેત રહેવા સુચના અપાઇ છે. જો કે લાલચની જાળમાં આમ છતાં લોકો ફસાઇ જઇ નાણા ગુમાવી દેતાં હોય છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના અમદાવાદના ન્યૂ ક્લોથ માર્કેટમા સામે આવી હતી. જેમાં ઇન્સ્ટા છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો હતો. અજાણ્યા શખ્સ ક્લાસીક કલેકશન સ્ટોર-૨ નામનું ફેક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી, દુકાનનું સરનામું વાપરી ઓનલાઇન કપડાંના નામે લોકો પાસેથી પૈસા પડાવી માલ મોકલ્યો ન હતો. છેતરાયેલા ગ્રાહકો દુકાને પહોંચતા, કાગડાપીઠ પોલીસે આઇટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. શહેરના ન્યૂ ક્લોથ માર્કેટમાં આવેલી દુકાનનું સરનામું વાપરી સોશિયલ મીડિયા પર ગ્રાહકો સાથે છેતરપિંડી આચરવાનું કૌભાંડ સામે આવ્યું હતુ. અજાણ્યા શખ્સે ઇન્સ્ટાગ્રામ પર ફેક એકાઉન્ટ બનાવી લોકો પાસેથી ઓનલાઇન રૂપિયા પડાવી લીધા બાદ માલ મોકલ્યો ન હતો. ઠગાઈ કરનારે પ્રોફાઇલમાં ન્યૂ ક્લોથ માર્કેટની દુકાનનું એડ્રેસ મૂક્યું હોવાથી છેતરાયેલા લોકો સીધા દુકાને પહોંચીને રકઝક કરવા લાગ્યા હતા.

જેથી વેપારી સાથે કોઈ મોટો ઝઘડો કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાગડાપીઠ પોલીસે અજાણ્યા ભેજાબાજ સામે આઈટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. ગોમતીપુરમાં આવેલી નાગોરીની ચાલીમાં રહેતા અને ન્યૂ ક્લોથ માર્કેટ સ્થિત એલ.બી. ગ્રુપમાં મેનેજર તરીકે કામ કરતા ત્રીસ વર્ષીય પ્રશાંતભાઈ અરવિંદભાઈ વાઘેલાએ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યા શખ્સે ઇન્સ્ટાગ્રામ પર ક્લાસીક કલેકશન સ્ટોર-૨ નામની ફેક આઈડી બનાવી હતી. આ આઈડી ચલાવનાર શખ્સે દુકાનદારની કોઈ પણ પરવાનગી કે જાણ વગર તેમની દુકાનનું સરનામું પોસ્ટ તેમજ પ્રોફાઇલમાં મૂકી દીધું હતું.

આ પછી આ પેજ પરથી ઓનલાઇન કપડાં કે અન્ય સામાન ખરીદવા માટે લોકો પાસેથી ઓનલાઇન રૂપિયા મંગાવી લેવામાં આવતા હતા, પરંતુ બાદમાં માલ મોકલવામાં આવતો ન હતો. પેજ પર દુકાનનું સરનામું લખેલું હોવાથી પૈસા ગુમાવી ચૂકેલા ગ્રાહકો ન્યૂ ક્લોથ માર્કેટની દુકાને પહોંચીને હિસાબ અને સામાન માગવા લાગ્યા હતા. આવા ખોટા મેસેજ અને પોસ્ટના કારણે ભવિષ્યમાં ગ્રાહકો સાથે કોઈ મોટો વિવાદ ન થાય તે માટે મેનેજરે કાગડાપીઠ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ રીતે ઠેકઠેકાણે ગઠીયાઓ પોતાની કારીગીરીથી લોકોને છેતરવા માટે તલપાપડ થઇ રહ્યા હોય છે. તહેવારોના દિવસોમાં લોકોએ જાગૃત રહેવું ખુબ જરૂરી છે.

સસ્તુ એટલુ સોનુ ન હોયઃ તહેવારના દિવસોમાં લેભાગુઓ સતત બન્યા છે સક્રિયઃ ચેતતા રહો

રોજબરોજ કોઇને કોઇ ભોગ બની જાય છે આવા ફ્રોડનો : છતાં લોકો નથી થતાં જાગૃત

APK ફાઈલથી બારોબાર ખરીધા છ લાખના ફોન

કંપનીના મેનેજરને ઇ-ચલણની ફાઇલ આવી ને ફોન હેક થયોઃ તેમના ક્રેડીટ કાર્ડમાંથી ગઠીયાએ કરી લીધી ખરીદી બીજી ઘટનામાં વૃધ્ધાને આગળ પોલીસ ચેકીંગ છે કહી ડરાવી ગઠીયા સાડા ચાર લાખના દાગીના ઉતરાવી ભાગી ગયા



રાજકોટ, તા.૩

સાયબર ગઠીયાઓ એપીકે ફાઇલનો ઉપયોગ કરી સતત ફ્રોડ આચરી રહ્યા છે. વધુ એક વખત એમ પરિવહનના નામે ઇ-ચલણ ફાઇલ મોકલી લાખોની છેતરપીંડી કરવામાં આવી હતી. ગઠીયાએ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના મેનેજરને આવી ફાઇલ મોકલી હતી અને તેમનો ફોન હેક કરી તેમના ક્રેડીટ કાર્ડમાંથી છ લાખના મોબાઇલ ફોન બારોબાર ખરીદી દીધા હતાં. સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી હતી. બીજી ઘટનામાં આગળ પોલીસ ચેકીંગ ચાલુ છે તેમ કહી ગઠીયાએ વૃધ્ધાના સાડા ચાર લાખ પડાવી લીધા હતાં.

પ્રથમ ઓનલાઇન ફ્રોડની વિગતો જોઇએ તો નારોલ વિસ્તારમાં રહેતા ઈન્ડિયા ઓઈલ કંપનીના ઓપરેશન મેનેજરના મોબાઈલ ફોન પર અમ પરિવહનની એપીકે ફાઈલ આવી હતી. મેનેજરે ફાઇલ ડાઉનલોડ કરતા મોબાઇલનું એક્સેસ મેળવીને અજાણ્યા શખ્સોએ ફોન હેક કરી બેંકના ઓટીપી મેળવીને ક્રેડિટકાર્ડમાંથી ૫.૯૦ લાખના મોબાઈલ ફોન ખરીદી લીધા હતા. જે અંગે યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર નારોલ ખાતે કર્ણાવતી એપાર્ટમેન્ટ-૪ પાસે રહેતા હરીશ ગુમા ઈન્ડિયા ઓઈલમાં ઓપરેશન મેનેજર તરીકે નોકરી કરે છે. તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં એપીકે ફાઈલ આવી હતી. તેમણે આ ફાઇલ ખોલીને તરત જ બંધ કરી દીધી હતી. રાતે એકાદ વાગ્યે વાગ્યે તેમના ઈ-મેઇલ આઇડી પર આઇસીઆઇસીઆઇ બેંકમાંથી નાણાં કપાયા હોવાનો મેઇલ આવ્યો હતો. તપાસ કરતાં જાણવા મળ્યું કે, ક્રેડિટ કાર્ડમાંથી બે ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૫.૯૦ લાખ કપાઈ ગયા છે.

આ ઉપરાંત એ જ સમયે તેમના ફોન પર જુદી-જુદી કંપનીઓના નામે સતત ઓટીપી પણ આવવા લાગ્યા હતા. છેતરપિંડી થયાની જાણ થતાં જ હરીશભાઈએ તાત્કાલિક બેંકનો સંપર્ક કરી તમામ ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવ્યા હતા. લિપકાર્ટ એકાઉન્ટના માય ઓર્ડર સેક્શનમાં તપાસ કરતાં કોઈ અજાણી વ્યક્તિ દ્વારા લિપકાર્ટ મિનિટ્સ મારફતે મોંઘા મોબાઈલ ફોન ખરીદાયા હોવાના બે ઇન્વોઇસ જોવા મળ્યા હતા. આ ગઠિયાઓએ તેમના મોબાઇલમાંથી નંબર પર કોલ ફોરવર્ડિંગ સેટ કર્યું હોવાનું પણ સામે આવ્યું હતું. તેમણે સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી સુરક્ષાના ભાગરૂપે ફોન ફોર્મેટ મારી દીધો હતો. જે બાદ તેમણે સાયબર ક્રાઈમનો સંપર્ક કરી આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

બીજી ઘટના અમદવાદા વટવા પોલીસ મથક હેઠળ બની હતી. વૃધ્ધાને આગળ ચેકિંગમાં પોલીસ ભી છે તેમ કહી ડરાવી ૪.૪૦ લાખના સોનાના દાગીના સેરવી લેવાયા હતા. જ્યારે નારોલમાં રહેણાંક લેટ ગીરો આપવાના બહાને એક વેપારી સાથે ૫ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. ઘોડાસર જોગર્સ પાર્ક નજીક મહાદેવ પ્લેટિનિયમમાં રહેતાં પંચોતેર વર્ષીય ગૌરીબેન પટેલ સવારે મહાદેવ મંદિરે દર્શન કરીને પરત ફરી રહ્યાં હતાં. તે દરમિયાન નિગમ રોડ પાસે ત્રણ ગઠિયાઓએ પૂર્વઆયોજિત કાવતરું રચી વૃદ્ધાને રોક્યા હતા.

આરોપીઓએ આગળ પોલીસનું કડક ચેકિંગ ચાલે છે એવો ડર બતાવી પોતાના દાગીના ઉતારી થેલીમાં મૂકી દેવા જણાવ્યું હતું. વિશ્વાસ કેળવવા માટે ટોળકીના એક સાગરીતે પોતાની કંઠી પણ ઉતારી ખિસ્સામાં મૂકવાનો ડોળ કર્યો હતો. જેથી, ગૌરીબેને પોતાના ૪.૪૦ લાખની કિંમતના સોનાના દાગીના ઉતારી આપ્યા હતા. આરોપીઓએ કાગળમાં દાગીના વીંટાળી થેલીમાં મૂકવાનો ઢોંગ કરી વૃદ્ધાને રવાના કરી દીધા હતા. ઘરે જઈને જોતાં કાગળમાંથી અસલી દાગીના ગાયબ હતા અને તેના બદલે ખોટા પાટલા નીકળ્યા હતા. આ મામલે વટવા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તહેવાર ટાણે નીકળી પડતી આવી ઠગ ટોળકીઓ મોટે ભાગે વૃધ્ધોને જ નિશાન બનાવતી હોય છે. આ બનાવ તેની પ્રતીતી કરાવે છે.

RERAનો ઐતિહાસિક ચુકાદો

સોસાયટી હેન્ડઓવર વખતે માસ્ટર ફાઈલ જરૂરી

બિલ્ડરોની મનમાની પર લગામઃ ગ્રાહકોને અંધારામાં રાખીને થતી કબજા સોંપણી સામે ગુજરેરાનું કડક વલણ

રાજકોટ, તા. ૩

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા ઇતિહાસમાં એક અત્યંત મહત્વનો અને સંભવતઃ પ્રથમ પ્રકારનો સીમાચિહ્નરૂપ ચુકાદો આપવામાં આવ્યો છે. સામાન્ય રીતે પ્રોજેક્ટની 'બિયુ પરમિશન' આવ્યા બાદ બિલ્ડરો દ્વારા સોસાયટીની રચના કરવામાં આવતી હોય છે અને આ સોસાયટી તેના નિયુક્ત હોદ્દેદારોને રેરાની કલમ ૧૭ની જોગવાઈ હેઠળ કોમન એમેનિટીઝ સાથે સોંપી દેવાની હોય છે. પરંતુ મોટાભાગના ગ્રાહકોને આ કાનૂની પ્રક્રિયાની પૂરતી જાણ હોતી નથી અને તેઓ અધકચરા કે અપૂરતા દસ્તાવેજો સાથે જ સોસાયટીમાં રહેવા માટે ચાલ્યા જાય છે. ભવિષ્યમાં જ્યારે અચાનક કોઈ તાકીદની જરૂરિયાત ઊભી થાય ત્યારે ગ્રાહકો બિલ્ડરની ઓફિસે દોડતા થઈ જાય છે, પરંતુ તે વખતે દસ્તાવેજો સમયસર મળશે જ તેની કોઈ ખાતરી હોતી નથી. ભવિષ્યમાં બિલ્ડિંગનું રીડેવલપમેન્ટ કરવાનો સમય આવે, મોટું સમારકામ કરવાનું થાય કે કોઈ સરકારી યોજના કે જરૂરિયાત ઊભી થાય, ત્યારે સોસાયટી પાસે જમીનનું ટાઇટલ, અસલ દસ્તાવેજો, મંજૂર પ્લાન, નકશા, રેરા પ્રમાણપત્ર, રજા ચિઠ્ઠી કે ઇન્ટરનલ કન્સ્ટ્રક્શન ડ્રોઇંગ જેવું કશું જ પોતાના હાથમાં હોતું નથી.

કરોડો રૂપિયા ખર્ચીને આલીશાન ફ્લેટમાં રહેવા છતાં ગ્રાહકો આ બાબતે ગંભીરતા દાખવતા નથી અને અંતે 'ભાગતા ભૂતની ચોટલી ભલી' તે ન્યાયે છેલ્લી ઘડીએ હાથમાં આવે તેટલા દસ્તાવેજોથી સંતોષ માનવો પડે તેવી દયનીય સ્થિતિ સર્જાતી હોય છે. આ જ ગંભીર સમસ્યાને ધ્યાને રાખીને ગુજરેરાએ સ્પષ્ટ કર્યું છે કે જ્યારે પણ બિલ્ડર પાસેથી સોસાયટી હેન્ડઓવર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે, ત્યારે પ્રોજેક્ટની માસ્ટર ફાઇલ અગાઉથી જ મેળવી લેવી અત્યંત અનિવાર્ય છે. આ કાનૂની સ્થિતિની સ્પષ્ટતા ગુજરેરા દ્વારા તાજેતરમાં પ્રધાન ગ્લેનવુડ્સ કો-ઓપરેટિવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિમિટેડ વિરુદ્ધ પ્રધાન ડેવલપર્સના કેસમાં આપવામાં આવેલા ચુકાદામાં કરવામાં આવી છે. આ કેસમાં ફરિયાદી સોસાયટી દ્વારા ગુજરેરા સમક્ષ ગંભીર ફરિયાદો કરવામાં આવી હતી કે પ્રમોટર દ્વારા પ્રોજેક્ટની માસ્ટર ફાઇલ આપવામાં આવેલ નથી, રજાચિઠ્ઠી, મંજૂર થયેલા પ્લાન અને અન્ય જરૂરી દસ્તાવેજો પૂરા પાડવામાં આવ્યા નથી, પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવ્યા નથી તેમજ સભ્યોને માસ્ટર ફાઇલ સાથે પ્રોપર પઝેશન લેટર પણ આપવામાં આવ્યો નથી. આ ઉપરાંત સામાવાળાઓ દ્વારા અસલ બિલ, વાઉચર, વોરંટી કાર્ડ, ગેરંટી કાર્ડ તેમજ જીમના સાધનો અને અન્ય એમિનીટીઝના ખરીદીના કાગળો પણ સોંપવામાં આવ્યા



ન હોવાનું જણાવવામાં આવ્યું હતું.

આ તમામ બાબતો સામે સામાવાળા બિલ્ડરે એવો બચાવ કર્યો હતો કે જો તેમણે સભ્યોને માસ્ટર ફાઇલ આપી જ ન હોય, તો પછી સભ્યોએ બેન્કમાંથી હોમ લોન કેવી રીતે મેળવી હશે? આ સમગ્ર મામલે રેરા એક્ટની કલમ ૧૭(૨) ની જોગવાઈઓનું ઝીણવટપૂર્વક અધ્યયન કરવામાં આવ્યું હતું, જે સ્પષ્ટ કરે છે કે પ્રમોટર દ્વારા ઓક્યુપન્સી સર્ટિફિકેટ (ઘઈ) મળી ગયા પછી સોસાયટીને તમામ જરૂરી દસ્તાવેજો, પ્લાન વગેરે કાયદેસર રીતે પૂરા પાડવા જ પડે છે. આ કામે પ્રમોટર દ્વારા સોસાયટીને કબજો સુપ્રત કરતી વખતે જો માસ્ટર ફાઇલ અને જરૂરી દસ્તાવેજો સોંપવામાં આવ્યા હોય, તો તે અંગેનો સ્પષ્ટ કબજો સોંપ્યા અંગેનો લેખિત કરાર હોવો જોઇએ, પરંતુ સામાવાળા દ્વારા આવા કોઈ પણ પ્રકારના કરારની નકલ સત્તાવાર રીતે રજૂ કરવામાં આવી નહોતી. જેના આધારે એવું ફલિત થાય છે કે પ્રમોટર દ્વારા સોસાયટીને માસ્ટર ફાઇલ સોંપવામાં જ આવી નથી. આથી પ્રમોટરે સોસાયટીને માસ્ટર ફાઇલની સાથે સાથે સોસાયટીને લગતા તમામ પ્લાન, સરકારી મંજૂરીના દસ્તાવેજો, એમિનિટીઝ ખરીદીના અસલ બિલ અને તેના વોરંટી-ગેરંટી કાર્ડ પણ ફરજિયાતપણે સોંપી દેવા જોઈએ તેવો તર્ક ઓથોરિટી દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

ઘણા બધા પ્રોજેક્ટ્સમાં બિલ્ડરો દ્વારા સભ્યોને પ્રોપર્ટી કાર્ડ પણ કાઢી આપવામાં આવતા નથી હોતા, જે અંગે રેરાએ ખૂબ જ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે જો સભ્યને પોતાના પ્રોપર્ટી કાર્ડ કઢાવવા કે મેળવવા હોય તો તેઓ વ્યક્તિગત ધોરણે અલગથી ફરિયાદ કરી શકે છે. આમ, પ્રોપર્ટી કાર્ડ મેળવવાનો નાગરિકોનો મૂળભૂત હક્ક ગુજરેરા દ્વારા કોઈપણ પ્રકારે નકારી કાઢવામાં આવ્યો નથી. ચુકાદામાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે હાલની ફરિયાદ સોસાયટી દ્વારા કરવામાં આવી હોવાથી તેમાં કોઈ વ્યક્તિગત સભ્યની વ્યક્તિગત દાદ મળી શકે નહીં, પરંતુ જે-તે સભ્ય પોતાના ફ્લેટ કે પ્રોપર્ટીના ટાઇટલને લગતી બાબતો માટે અલગથી કાનૂની લડત લડી શકે છે અને દરેક સભ્યને માસ્ટર ફાઇલ મેળવવાનો તેમજ પોતાની પ્રોપર્ટીનું ટાઇટલ પોતાના નામે મેળવવાનો સંપૂર્ણ કાનૂની હક્ક છે.

સોસાયટી દ્વારા માંગવામાં આવેલી તમામ દાદ આંશિક રીતે મંજૂર કરતા ગુજરેરાના સભ્ય ડો. એમ. ડી. મોડિયા દ્વારા ખૂબ જ મહત્વપૂર્ણ આદેશો પસાર કરવામાં આવ્યા છે. જે અનુસાર, ફરિયાદી સોસાયટીની ફરિયાદ આંશિક રીતે ગ્રાહ્ય રાખીને સામાવાળાઓને હુકમ કરવામાં આવ્યો છે કે તેઓએ ફરિયાદી સોસાયટીને ફાયર એન.ઓ.સી. તથા લિફ્ટ એન.ઓ.સી. કે લાયસન્સની નકલો તાત્કાલિક પૂરી પાડવી પડશે. આ ઉપરાંત સામાવાળાઓએ ફરિયાદી સોસાયટીની માસ્ટર ફાઇલ,

જેમાં પ્રોપર્ટીને લગતા તમામ મૂળ દસ્તાવેજો, રજાચિઠ્ઠી, મંજૂર થયેલ પ્લાન, ઓક્યુપેશન સર્ટિફિકેટ, તમામ એમિનિટીઝના અસલ બિલ તેમજ વોરંટી અને ગેરંટી કાર્ડ સહિતની તમામ બાબતો આગામી દિન-૩૦માં ફરજિયાતપણે પૂરી પાડવી તેવો સ્પષ્ટ આદેશ કરાયો છે. આટલું જ નહીં, બિલ્ડિંગની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સામાવાળાઓએ લિફ્ટ રૂમના ખુલ્લા અને જોખમી વાયરો પણ આગામી દિન-૩૦માં યોગ્ય રીતે બંધ કરી આપવા પડશે. સાથેસાથે, પ્રોજેક્ટનું કોમન ઇલેક્ટ્રિસીટી કનેક્શન પણ સોસાયટીના નામે આગામી દિન-૪૫માં ટ્રાન્સફર કરી આપવાનો કડક હુકમ કરવામાં આવ્યો છે અને આ તમામ પ્રક્રિયા તથા કાનૂની લડત પેટે સામાવાળાઓએ ફરિયાદી સોસાયટીને ખર્ચ પેટે રૂપિયા ૧૦,૦૦૦/- ની રકમ ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

શહેરી વિસ્તારમાં પ્રતિ એકર રૂ. ૧.૨૫ લાખ અને ગ્રામીણ વિસ્તારમાં રૂ. ૧ લાખ વસૂલાતા હોવાના સનસનીખેજ આક્ષેપો

'બિનખેતી શાખા' ભ્રષ્ટાચારના સકંજામાં?

ખાનગી શખ્સો ચલાવતા હતા સરકારી વહીવટ! : કોંગ્રેસના નેતાઓએ અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવી નાયબ મામલતદારની ગેરકાયદે લીલાઓ સામે કડક પગલાં લેવા કરી માંગ



રાજકોટ, તા. ૩

રાજકોટ કલેક્ટર કચેરીની અતિ સંવેદનશીલ ગણાતી બિનખેતી (NA) શાખામાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચરમસીમાએ પહોંચી હોવાના ગંભીર આક્ષેપો સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના પ્રમુખ અમીતભાઈ ચાવડા અને ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડાની આગેવાનીમાં અધિક કલેક્ટર બારોટને આવેદનપત્ર પાઠવીને આ પ્રકરણમાં ત્વરિત અને કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગણી કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડાએ આ અંગે વિગતવાર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, કલેક્ટર કચેરીના પ્રથમ માળ પર સીસીટીવી કેમેરાથી સજ્જ બિનખેતી વિભાગની આ શાખા આવેલી છે, જેમાં નાયબ મામલતદાર તરીકે મુકેશભાઈ રાઠોડ ફરજ બજાવે છે. છેલ્લા ઘણા વખતથી આ સરકારી શાખામાં સરકારી કચેરીના ટેબલ પર બેસીને વિજય પરમાર, ટી.બી. લીંબાસીયા અને પ્રકાશભાઈ સોલંકી નામના બહારના ત્રણ ખાનગી શખ્સો દ્વારા ફાઈલો જોવી, અરજદારોને સાંભળવા અને ફાઈલ અંગે અન્ય કર્મચારીઓને સૂચનાઓ આપવા સુધીની તમામ ગેરકાયદેસર કામગીરી ખુલ્લેઆમ ચલાવવામાં આવી રહી છે.

આ મામલે સામે આવેલી વિગતો મુજબ શહેરી વિસ્તારમાં બિનખેતી માટે આવનારી ફાઈલોનો ભાવ એક એકરે રૂા. ૧.૨૫ લાખ તથા બહારના ગ્રામીણ વિસ્તારમાં બિનખેતી માટે એક એકરના રૂા. ૧ લાખ વસૂલવાનું સુયોજિત કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. કલેક્ટર કચેરીની તમામ ઓફિસોમાં સીસીટીવી કેમેરા હોવા છતાં બિનઅધિકૃત વ્યક્તિઓની આ પ્રકારે સતત હાજરી રહેવી, સરકારી ટેબલ પર બેસવું અને તમામ પ્રકારના નાણાકીય વ્યવહારો કરવા જેવા કૃત્યો ઉચ્ચ અધિકારીઓના ધ્યાને નહીં આવ્યા હોય તેવું માનવું આશ્ચર્યજનક અને શંકાસ્પદ છે.

કોઈપણ પ્રકારની બીક કે ડર વગર એક નાયબ મામલતદાર અને તેના મળતિયાઓ આ પ્રકારના ખુલ્લેઆમ ભ્રષ્ટાચારને પોષી રહ્યા છે, જેને લઈને કોંગ્રેસ દ્વારા આ નાયબ મામલતદારની અન્યત્ર બદલી કરી તત્કાલ કડક પગલાં લેવાની માંગણી ઉઠાવવામાં આવી છે.

બીજી બાજુ, જ્યારે આ સમગ્ર ગેરરીતિ સામે આવી ત્યારે આ શાખામાં ફરજ બજાવતા નાયબ મામલતદાર મુકેશભાઈ રાઠોડે બચાવમાં નિવેદન આપ્યું હતું કે અમારી કચેરીમાં સ્ટાફની અછત હોવાના કારણે બહારના લોકો પાસેથી સેવા લેવામાં આવતી હતી. કોંગ્રેસ પક્ષે આ વાતને તદ્દન વાહિયાત, ગેરમાર્ગે દોરનારી તથા સરકારી કર્મચારીઓના નિયમોનો સરેઆમ ભંગ ગણાવી છે. માત્રને માત્ર ભ્રષ્ટાચાર આચરવા અને તેની ચોક્કસ વ્યવસ્થા ગોઠવવા માટે જ નાયબ મામલતદારે પોતાના પ્રાઈવેટ માણસોને કામે લગાડ્યા હતા અને ઓફિસ અવર્સ દરમિયાન રોજીંદી કામગીરીમાં આ ત્રણેય વ્યક્તિઓ સક્રિયપણે સામેલ રહેતા હતા. બિનખેતી માટે આવેલી ફાઈલોની ચકાસણી કરવી, તેમાં સ્કુટીની કરવી તેમજ અરજદારોને કેવા પ્રકારના કાગળો રજૂ કરવા પડશે તે વિષયે રોજબરોજ માર્ગદર્શન આપી તે મુજબની તમામ વ્યવહારોની કામગીરી આ ખાનગી શખ્સો દ્વારા સંભાળવામાં આવતી હતી, જેને લઈને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે દાખલારૂપ અને ફોજદારી પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે.

કોટેચા ચોક બનશે આકર્ષક

ટ્રાફિકની સમસ્યા હલ કરવા નવી ડિઝાઇનનું આયોજન : સર્કલનો કાયાપલટ કરી ફાઇટર જેટ પ્લેન સાથે સેલ્ફી પોઇન્ટ અને આકર્ષક સુશોભન વિકસાવાશે

રાજકોટ, તા. ૩

રાજકોટના કાલાવડ રોડ પર આવેલા અતિ-વ્યસ્ત કોટેચા ચોકને ટ્રાફિકની સમસ્યાથી કાયમ માટે મુક્ત કરવા અને તેને શહેરના એક આકર્ષક તેમજ મોડેલ ચોક તરીકે વિકસાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે. અગાઉ આ ચોક પર સર્જાતી ગંભીર ટ્રાફિક સમસ્યાના કારણે બે વખત કપાતની કાર્યવાહી કરવામાં આવી હતી, છતાં સમસ્યા સંપૂર્ણપણે હળવી ન થતાં હવે તંત્ર દ્વારા લાંબા ગાળાના આયોજનના ભાગરૂપે આ ચોકની સંપૂર્ણ કાયાપલટ કરવાની રણનીતિ ઘડવામાં આવી છે. ટૂંક સમયમાં જ આ વિસ્તાર માટેની નવી ડિઝાઇન તૈયાર કરવામાં આવશે.

ગૌરવપથ ગણાતા આ માર્ગ પરથી કુલ છ ડબલ ટ્રેક રોડ પસાર થતા હોવાથી અહીં વાહનોનું ભારે ભારણ રહે છે. સ્થિતિ એવી બની છે કે ચોકથી આગળ પ્રથમ વખત 'બ્રિજ ઉપર બ્રિજ'નું નિર્માણ કરવામાં આવ્યું હોવા છતાં ટ્રાફિકનો પ્રશ્ન ઉકેલાયો ન હતો અને આખરે અહીં ટ્રાફિક સિગ્નલ મૂકવાની



નોબત આવી હતી. હાલ તંત્ર દ્વારા પોલીસ વિભાગ સાથે સંકલન સાધીને સિગ્નલ તો શરૂ કરી દેવાયા છે, પરંતુ આ માત્ર ક્ષણિક ઉકેલ હોવાથી હવે આખા આઇલેન્ડ અને સર્કલની ડિઝાઇનમાં જ ધરખમ ફેરફાર કરવાની શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે.

નવા આયોજન અંતર્ગત ચોકમાંથી વાહનોનો પ્રવાહ હળવો કરવા માટે ટ્રાફિક પોલીસ વિભાગનું સત્તાવાર માર્ગદર્શન મેળવાશે અને રસ્તાની સ્થિતિ મુજબ જરૂરી સુધારા કરાશે. સાથોસાથ આ ચોકને માત્ર ટ્રાફિક-મુક્ત જ નહીં, પરંતુ એક સુંદર લેન્ડમાર્ક બનાવવા પર પણ ભાર મુકાઈ રહ્યો છે. સર્કલમાં ફાઇટર જેટ પ્લેન મૂકવા સાથે આકર્ષક સુશોભન અને નાગરિકો માટે 'સેલ્ફી પોઇન્ટ' જેવી અદ્યતન સુવિધાઓ વિકસાવવા વિચારણા ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ નિર્મલા રોડથી સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ તરફનો રસ્તો બંધ કરવામાં આવતાં મોટો વિવાદ સર્જાયો હતો, જેને પગલે હાલ ત્યાં માત્ર સ્કૂટર નીકળી શકે તેટલી જ જગ્યા ખુલ્લી રખાઈ છે. આ તમામ પરિસ્થિતિઓ અને સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રોડની નવી ડિઝાઇન બનાવવાની કવાયત હાથ ધરાઈ છે. ભવિષ્યમાં ટ્રાફિક નિયંત્રણ અને સુંદરતાની જાળવણી સરળ રહે તે માટે મહાનગરપાલિકા આ કોટેચા ચોક સર્કલને પોતાના હસ્તક જ રાખે તેવી પૂરી શક્યતાઓ રહેલી છે.

મનપાનો ઐતિહાસિક નિર્ણય

સંપ કનેક્શનધારકોને ૩.૭૫ લાખની વ્યાજ માફી

સ્થાનિકોની રજૂઆત સામે ઝૂક્યું તંત્રઃ મેયર-કમિશનર સમક્ષ થયેલી ધા પછી નીતિમાં કરાયો મોટો સુધારો

રાજકોટ, તા. ૩

રાજકોટ શહેરના કરદાતાઓ માટે મહાનગરપાલિકાએ એક મોટો અને રાહતરૂપ નિર્ણય લીધો છે. લાંબા સમયથી મિલકત વેરો અને પાણી વેરો ચૂકવવાનો બાકી હોય તેવા નાગરિકો માટે જાહેર કરાયેલી વ્યાજ માફી યોજનાનો વ્યાપ વધારીને હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યો છે. અગાઉ અમલમાં આવેલી યોજનામાં ફ્લેટ ધારકોને સંપ કનેક્શનના મુદ્દે અન્યાય થઈ રહ્યો હોવાની બાબત સામે આવી હતી. આ અંગે જાગૃત નાગરિકો અને પ્રતિનિધિઓ દ્વારા મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રૂબરૂ રજૂઆતો કરવામાં આવી હતી, જેના સકારાત્મક પ્રતિસાદરૂપે તંત્રએ પોતાના જૂના નિયમો બદલીને આ નિર્ણય જાહેર કર્યો છે.

હવે નવા નિયમ મુજબ દોઢ ઈંચથી લઈને ચાર ઈંચ સુધીનું સંપ કનેક્શન ધરાવનારાઓને રૂપિયા ૫ હજારથી શરૂ કરીને સીધા રૂ. ૩.૭૫ લાખ સુધીની વ્યાજ માફીનો લાભ મળશે. આ માટે ફ્લેટ કે ટેનામેન્ટની સંખ્યા અને કનેક્શનની સાઈઝના આધારે ચોક્કસ સ્લેબ



નક્કી કરવામાં આવ્યા છે. જેમ કે, ૪ થી ૬ ફ્લેટ માટે ૧ ઈંચ, ૭ થી ૧૩ ફ્લેટ માટે દોઢ ઈંચ, ૧૪ થી ૨૦ ફ્લેટ માટે બે ઈંચ, ૨૧ થી ૩૦ ફ્લેટ માટે અઢી ઈંચ, ૩૧ થી ૪૫ ફ્લેટ માટે ત્રણ ઈંચ અને ૪૬ થી ૭૫ ફ્લેટ ધરાવતી સોસાયટીઓ કે બિલ્ડિંગો માટે ચાર ઈંચના કનેક્શન મુજબ વ્યાજ રાહત ગણાશે. વિશેષ વાત એ છે કે આ રાહત માત્ર સામાન્ય રહીશો પૂરતી સીમિત નથી, પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૦ મુખ્ય સરકારી કચેરીઓ કે જેમનો કરોડો રૂપિયાનો વેરો બાકી છે, તેમને પણ યુનિટ દીઠ રૂ. ૫ હજારથી ૩.૭૫ લાખ સુધીની વ્યાજ માફીનો લાભ આપવામાં આવશે.

ચાલુ નાણાકીય વર્ષમાં રાજકોટ મનપાએ ૬ લાખ જેટલા મિલકતધારકો પાસેથી રૂ. ૪૩૮ કરોડનો વેરો વસૂલવાનું લક્ષ્યાંક રાખ્યું છે, જેની સામે અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૨૮૭ કરોડ જ જમા થઈ શક્યા છે. વર્તમાન નાણાકીય વર્ષ પૂરું થવામાં હવે ગણતરીના પાંચ મહિના બાકી રહ્યા છે ત્યારે બાકીદાર આસામીઓ પાસેથી વસૂલાત ઝડપી બનાવવા અને પાલિકાની ખાલી તિજોરી ભરીને લક્ષ્યાંક પૂરો કરવાના હેતુથી તંત્ર દ્વારા આ રણનીતિ અપનાવાઈ છે. અગાઉ જનરલ બોર્ડમાં પણ વ્યાજની રકમ મુદ્દલ કરતા વધી જતી હોય ત્યાં માત્ર મુદ્દલ જેટલું જ વ્યાજ વસૂલવાનો ઠરાવ કરાયો હતો. પરંતુ ફ્લેટ ધારકોની રજૂઆત બાદ હવે સંપ કનેક્શનના આધારે નવી માફી નીતિ લાગુ થતાં લાખો રૂપિયાનું વ્યાજ માફ થશે, જેથી નાગરિકો માટે જૂનો વેરો ભરીને દેવામુક્ત થવાની આ ઉત્તમ તક બની રહેશે.